Reg.under RNI NO. GUJGUJ/2009/29656, Registered under Postal Registration No. GAMC-777/2021-2023 valid upto 31st December-2023 issued by the SSPO's Amdavad City Division, Permitted to Post at Amdavad PSO on 1st & 16th of every Month. Publish on 1st & 16th of every Month.

૧ એપ્રિલ ૨૦૨૧
અંક : ૦૭
પૃષ્ઠ : ૧૬
કિ. રૂ. : ૬/-


ગુજરાતનું પાક્ષિક વિચારપત્ર

# નિરીક્ષક

સ્થાપના : ૧૯૬૮

અનુક્રમ


- રિમ્મી વાઘેલા ૩
  કોરોનાનું એક વર્ષ
- રમેશ સવાણી ૪
  દિલ્હી હવે કેન્દ્રશાસિત
- ભરત મહેતા ૫
  બંગાળમાં મોદીની રાજનીતિ: પડકારો અને પ્રશ્નો
- અજય પાઠક ૬
  નટવર ભટ્ટ : શાયરીની દુનિયાનો અલગારી વણઝારો....
- પી. સાંઈનાથ ૭
  શ્રીમંત ખેડૂતો, વૈશ્વિક કાવતરાં, સ્થાનિક મૂર્ખતા
- કૃષ્ણાદિત્ય ૮
  મુક્તક
- ચંદુ મહેરિયા ૯
  ગરીબડી ગાયનું કામધેનુકરણ કોના લાભ માટે ?
- બ્રિજેશ પંચાલ ૧૦
  પેટ નથી ભરાતું!
- પ્રકાશ ન. શાહ ૧૧
  ભગતસિંહ
- બારીન મહેતા ૧૨
  ભગતસિંહની ઉક્તિ
- ઉમેશ સોલંકી ૧૩
  બહાર-માંહ્ય
- નિલય ભાવસાર ૧૪
  સાગર સરહદી
- હિમાંશી શેલત ૧૬
  આજની તારીખે

પ્રતાપ ભાનુ મહેતા
(તંત્રી લેખ)

## ચલ ઉડ જા રે પંછી ?

સુપ્રતિષ્ઠ અને સુકીર્તિત, એક રીતે જોતાં લગભગ અદ્વિતીય જેવી અશોક યુનિવર્સિટીમાંથી આંતરરાષ્ટ્રીય ખ્યાતિપ્રાપ્ત વિદ્વાન અને જાહેર બૌદ્ધિક પ્રતાપભાનુ મહેતાએ રાજીનામું આપવાપણું જોયું એ ઘટનાને કેવી રીતે જોશું, વારુ? આમ તો, એક અર્થમાં, આ પ્રશ્નનો ઉત્તર રળ સોંસરો હોવો જોઈએ; કેમકે પ્રતાપ ભાનુએ પોતાના રાજીનામા સબબ જાહેરમાં જણાવ્યું છે કે મારું જોડાણ યુનિવર્સિટી માટે 'પોલિટિકલ લાયેબિલિટી' (રાજકીય બોજ ને જવાબદારી) બની શકે છે. એમણે કેટલાક ટ્રસ્ટીઓ સાથેની ચર્ચાને પગલે આ વિધાન કર્યું છે એટલે એની ગંભીરતા સ્વયંસ્પષ્ટ છે. દેશપરદેશનાં વિદ્યાધામો સાથે સંકળાયેલા અને આપણે ત્યાં પણ ઉચ્ચ સ્તરે નીતિનિર્ધારણ વિમર્શમાં કાર્યરત રહેતા આવેલા પ્રતાપ ભાનુ હોદ્દાનિરપેક્ષપણે પ્રકાશે એવી પ્રતિભા છે. એકવાર રવીન્દ્રનાથે જે કહેલું તે જેમને બરાબર લાગુ પડી શકે એવી શખ્સિયતો પૈકી એ એક છેઃ મને વિદ્વાનો આપો, રવીન્દ્રનાથે કહ્યું હતું અને ઉમેર્યું હતું, એ આવશે અને એમની ફરતે યુનિવર્સિટીઓ રચાતી આવશે.

એવા તો વિદ્યાવ્યાસંગી જણ છે આ પ્રતાપભાનુ કે એમણે અશોક યુનિવર્સિટીના કુલપતિપદેથી બેંક વરસમાં જ રાજીનામું ધરી દીધેલું; કેમકે 'વહીવટી કામો મારા વિદ્યાજીવનનો સમય ખાઈ જાય છે.' મૂળે રાજ્યશાસ્ત્રી પણ સઘળી માનવવિદ્યાઓમાં રમેલા અને તત્ત્વજિજ્ઞાસાના કાન્તારમાં અકુતોભય વિહરી શકતા પ્રતાપ ભાનુનો વિશેષ એ છે કે એમના વ્યાપક અને યથાસંભવ સમ્યક્ જ્ઞાન અને નીતરી સમજને ધોરણે એ જાહેર પ્રવાહોને જોતા ને મૂલવતા રહે છે. એમની આ વિદ્યાકીય એટલી પ્રજાકીય સંડોવણી સત્તા-પ્રતિષ્ઠાનનાં ટીકાસ્થાનો બાબત એમને બેબાક બોલતા એટલે કે લખતા રાખે છે. તાજેતરનાં વરસોમાં એમના આ અહોરાત્ર અનુષ્ઠાનવત્ ટીકાસત્રનું મુખ્ય ભાજન સ્વાભાવિક જ કેન્દ્રીય નેતૃત્વ રહેલ છે. અશોક યુનિવર્સિટીના પ્રતિષ્ઠાપુરુષ એવા પ્રતાપભાનુ 'પોલિટિકલ લાયેબિલિટી' છે તે આ અર્થમાં; કેમકે એમને અંગે 'પ્લાયેબિલિટી'ની અપેક્ષા સેવી સેવાય એવી નથી.

પણ એમના રાજીનામા સાથે કે પછી એમણે અને અરવિંદ સુબ્રમણ્યને ટ્રસ્ટીઓની સાથે રહીને જે નિવેદન કર્યું કે યુનિવર્સિટી પોતાના ધ્યેયપથ વિશે સભાન છે અને યથાસંભવ દોષદુરસ્તી વિશે જાગ્રત છે તેટલા માત્ર સાથે આ ચર્ચા પૂરી થતી નથી. રહો, મારે અહીં અરવિંદ સુબ્રમણ્યન સંદર્ભે પણ બે શબ્દો કહેવા જોઈએ. સુબ્રમણ્યને, મારે આરંભે જ કહેવું જોઈતું હતું, પ્રતાપભાનુને પગલે રાજીનામું ધરી દીધું છે. મોદી શાસનમાં એમણે ટોચના આર્થિક સલાહકાર તરીકે કામગીરી બજાવેલી છે, અને પછીનાં વર્ષોમાં આવી એક આંતરરાષ્ટ્રીય સ્તરની યુનિવર્સિટી સાથે સંકળાવામાં એમણે જીવનનો આનંદ અને કર્તવ્યબોધ જોયાં હશે. એમણે પણ ખસવું પસંદ કર્યું એનો અર્થ એ કે વિદ્યાકીય કામગીરીમાં કોઈક સ્તરે કશાક અસુખની એમનીયે લાગણી છે. અશોક યુનિવર્સિટી પાછળની આદર્શવાદી ચાલના અને હોંશધખના બેઉના ચાહક પ્રતાપભાનુ અને અરવિંદ પદ છોડતે છતે ટ્રસ્ટીઓની સાથે રહીને સંયુક્ત નિવેદન કરવાપણું જુએ છે એમાં એક સહિયારી મજલના ખયાલવશ આત્મીય સંધાન ખસૂસ છે.

મુશ્કેલી એ છે કે અશોક યુનિવર્સિટીના ભાવનાશીલ સંસ્થાપકો અને આવી ખાનગી (બિનસરકારી) યુનિવર્સિટી શક્ય બનાવનાર સખી દાતાર શા થેલીશાહો છતાં અહીં જોડાનાર સ્વયંપ્રકાશિત અધ્યાપકની નિયતિ 'પોલિટિકલ લાયેબિલિટી' રૂપે ધરાર છેટા રહેવાની ને છૂટા થવાની હોઈ શકે છે. યોગેન્દ્ર યાદવે એ વાતે ધોખો કીધો છે કે થોડા અવાજો નીકળ્યા, ફેકલ્ટી અને વિદ્યાર્થીઓએ વિરોધસૂર કાઢ્યા, ટૂંકી હડતાળ પાડી, દેશ બહારના વિદ્વાન બૌદ્ધિકોએ વિરોધનિવેદન કર્યું, બધું બરાબર ચાલ્યું પણ 'રાઈટ નોઈઝીઝ' પછી બધું ઠરી ગયેલું કેમ લાગે છે... કેમ જાણે, ઘીના ઠામમાં ઘી પડી ગયું ન હોય. યાદવે એક પેરેલલ પણ સંભાર્યો છે : પ્રશાન્ત ભૂષણના પ્રશ્નમાં, અદાલતની અવમાનના મુદ્દે, ભૂષણે તેજતર્રાર ટટ્ટાર ભૂમિકા લીધી ત્યારે દેશવ્યાપી એવો જે વ્યાપક ઊહાપોહ એક સળંગ દોરની પેઠે ચાલ્યો એવું પ્રતાપભાનુના કિસ્સામાં કેમ અનુભવાતું નથી.

આ પ્રશ્નનો ઉત્તર આપવાની કોશિશ કરીએ ત્યારે જડી રહેતો એક સીધો સાદો જવાબ અલબત્ત એ હોઈ શકે

કે પ્રતાપ ભાનુ સીધી જાહેર પ્રવૃત્તિઓ સાથે એ રીતે સંકળાયેલા નથી જે રીતે પ્રશાન્ત ભૂષણની સક્રિય સંડોવણી સતત અનુભવાય છે. પ્રતાપ ભાનુ વિશ્વવિશ્રુત પંકાતાઓ પૈકી હશે, પણ કર્મ અને કલમની જુગલબંદીની કસોટીએ લોકમાં રોપાયેલ જણ નથી. એટલે આટલી મોટી ઘટના - એ સામાન્ય ઘટના નથી જ નથી - આંદોલનકંપ જગવ્યા વિના આછરી જતી વરતાય છે. પણ આ સમજૂત સાચી હોય તોપણ એનાથી સમાધાન નથી મળતું— અહીં કોમ્પ્રોમાઈઝની વાત નથી, ચિત્તને કરાર વળવાની વાત છે. જેની પાસે કહેવા સમજવા જોગ વાત છે તે જાણતેસમજતે છતે કહી ન શકે ત્યારે એ વ્યવસ્થામાં કંઈક તો ખામી હશે ને. થોડાં વરસ પર (અલબત્ત, મે ૨૦૧૪ પૂર્વે) ગુજરાતમાં, નમૂના દાખલ, લોકઆયુક્તની નિયુક્તિને મામલે શું થયું હતું? ગુજરાત હાઈકોર્ટે ત્યારના મુખ્યમંત્રીના નિર્દેશ તળેની કારવાઈ વિશે એ મતલબની ટિપ્પણી કરી હતી કે ‘મિની કૉન્સ્ટિટ્યુશનલ ક્રાઈસિસ’ સરજવામાં આવી છે. જે હવામાન બન્યું એમાં વખતે અસરકારક લોકઆયુક્ત પુરવાર થઈ શક્યા હોત એવા ન્યાયમૂર્તિ આર.એ. મહેતાને પદભાર સ્વીકારવા જેવું જ ન લાગ્યું. (તે વખતે અખબારી કૉલમમાં આ લખનારે એક ફિલ્મગીતનો સહારો લીધો હતો – ચલ ઉડ જા રે પંછી કિ યહ દેસ હુઆ બેગાના.) પ્રતાપ ભાનુ મહેતા પોતે રખે ને સંસ્થા માટે ‘પોલિટિકલ લાયેબિલિટી’ બની રહે એવી ધર્મભીરુ ભૂમિકાએ ખસવા કરે ત્યારે દેશના નેતૃત્વની તરાહ ને તાસીર વિશે બલકે નિયત વિશે સવાલ ઉઠે જ ઉઠે. આવો જ પ્રશ્ન, એમ જુઓ તો, કિસાન આંદોલન વિશે પણ ક્યાં નથી ઊઠતો કે કેમ એની નિયતિ એક-વ્યક્તિ-ખડક જોડે અથડાઈને પાછા પડવાની જણાઈ રહી છે. યોગેન્દ્ર યાદવે અશોક પ્રકરણમાં તેમ પી. સાઈનાથે કિસાન પ્રકરણમાં આ મતલબનો પ્રશ્ન ઉઠાવ્યો પણ છે.

આ પ્રશ્ન અને એના ઉત્તરથી હટવાની રીતે નહીં, પ્રતાપ ભાનુની સાથે નહીં રહેવાની રીતે નહીં પણ એકંદર વિદ્યાકારણ સંદર્ભે, સવિશેષ તો વિદ્યાસંસ્થા સંદર્ભે વ્યાપક સહવિચારની જરૂર છે તે આપણે સમજવું જોઈશે. અનુદાનપ્રાપ્ત અને એથી યુજીસીબદ્ધ બલકે સરકારગ્રસ્ત યુનિવર્સિટીઓ દેખીતી પબ્લિક યુનિવર્સિટી છતાં નાકામિયાબ નહીં તો પણ નામકર જેવી પેશ આવી રહી છે. તે પૈકી સ્વતંત્ર વ્યક્તિત્વ ધરાવતી યુનિવર્સિટીઓ — જેમકે જેએનયુ અગર જામિયા મિલિયા - વર્તમાન શાસનને મન કોઈ ફતેહ કરવા લાયક કિલ્લો છે. દેશમાં વિપક્ષ લોકસભામાં બે આંકડામાં સમાઈ ગયો એનાથી એમને ધરવ નથી, કેમકે જ્યાં સુધી આઝાદ અવાજઠેકાણાં હોય ત્યાં સુધી સઘળી ચેનલોને સરકારી નીરણ પર જીવતી કરી મેલ્યા પછી પણ આસન સ્થિર અનુભવાતું નથી.

બીજી પાસ, જેએનયુ અગર જામિયા મિલિયાથી ઉફરાટે અશોકના હાલ જુઓ. એણે ગ્રાન્ટજીવિની નહીં બનવાનું નક્કી કર્યું. જોકે આપણે પૈસે અનુદાન આપતી સરકાર કોઈ ઉપકાર નથી કરતી અને તે ઉત્તર આપવા બંધાયેલી છે, પણ એ જુદી વાત થઈ. ખાનગી સ્રોત પર ઊભા થઈ વિશ્વસ્તરના લિબરલ આર્ટ્સ ઍન્ડ સાયન્સ કેન્દ્રરૂપે અશોક યુનિવર્સિટીએ એક પ્રતિમાન કાયમ કીધું. છતાં વિશ્વસ્તરની ફેકલ્ટી વાસ્તે લાયેબિલિટી અને પ્લાયેબિલિટીને ધોરણે તંગ દોર પરની નટચાલ અનિવાર્ય બની રહે છે.

બીજી પણ એક વાત છે. પ્રતિમાનરૂપ બની રહેલ અને હજી સુધી એ વિત્તસંવિત જાળવી રહેલ જેએનયુમાં આજથી થોડાં વરસ પર તમે કન્હૈયાકુમાર જેવી તૃણમૂલ પ્રતિભા કદાચ ન કલ્પી શક્યા હોત. જયશંકર પ્રસાદ, નિર્મલા સીતારામન જેવા હાલના કેન્દ્રીય પ્રધાનમંડળના સભ્યો કે મુચકુંદ દુબે જેવા ટોચના અધિકારીઓ અગર સીતારામ યેચુરી ને આનંદકુમાર જેવા સીપીએમ / જેપી લોહિયા છાત્ર નેતાઓ બહુધા એલિટ કેરેક્ટરની નીપજ હતા. ક્રમશઃ એનું વર્ગીય સ્વરૂપ આમ અનુસંધાનપૂર્વક બદલાઈ રહ્યું છે. અશોક યુનિવર્સિટી તો ગળથૂથીગત સર્વથા એલિટ પ્રકૃતિની છે. અડધોઅડધ છાત્રો માટે ફીશિપનો એનો આગ્રહ અલબત્ત કાબિલે દાદ છે. પણ એમાં વિકસતી જીવનશૈલી અક્ષરશઃ એલિટ તરેહની છે, અને એલિટ હોવું ને પરોપજીવી ન હોવું તે દોહ્યલી વાત છે. કૃષ્ણ સુદામા ગુરુકૂળનું જીવન જીવતા, સાથે લાકડાં ફાડવા જતા એવું સહજીવન અને છાત્રજીવન જે ગાંધીની બુનિયાદી ચાલના પૂંઠે હતું તેની અપીલ તો પેલા અડધોઅડધ ફીશિપ સમુદાયને પણ ડિગ્રીએ લાંગરતા લગીમાં જાગવાની નથી. આશ્રમશાળાઓમાં રહી હાંસિયે લટકી નકો નકો જિંદગી બસર કરનારો જે અધમુવો સમુદાય એની ઇતિહાસસનિયતિ તો એની એ જ હોવાની છે. અશોક અને જેએનયુ પણ આ સંદર્ભમાં પૂરા કદના વિકલ્પ નથી તે નથી.

આ ચર્ચા પ્રતાપ ભાનુ અને અશોકની સામે નથી. એમને સારુ સ્વતંત્ર અસ્તિત્વ દોહ્યલું બનાવી રહેલ બળો સાથે આપણે નથી તે નથી. પણ ચંદનમહેલ અને ટાપુલોકનો જે અભિગમ, એની મર્યાદાઓ નહીં સમજી શકતા ધીમન્તો સાથે પણ આપણે નથી. વર્ગાનુક્રમ, વર્ણાનુક્રમ, વંશાનુક્રમ, કશું ના ખપે અને એના લાભોજી અને લાળકારણનું રાજકારણ પણ ન ખપે... માત્ર, આ ક્ષણે તાત્ત્વિક ચર્ચામાં વાસ્તવ ચૂકી પ્રતાપ ભાનુની તરફે ન ઊભા રહેવું પણ ન ખપે.

**પ્ર.ન.શા.**


✳ **‘નિરીક્ષક’ દર માસની ૧ અને ૧૬ તારીખે પ્રકાશિત થાય છે.**
✳ લવાજમ : (દેશમાં) વાર્ષિક રૂ.૨૦૦/-
(વિદેશમાં) વાર્ષિક રૂ.૨૫૦૦/-
✳ **વાર્ષિક લવાજમની રકમ ‘નિરીક્ષક પ્રકાશન’ના નામે ડ્રાફ્ટથી અથવા ચેક કે મ.ઓ.થી શાર્દૂલ પ્રિન્ટિંગ પ્રેસ, અમદાવાદના સરનામે મોકલવામાં આવે તે અપેક્ષિત છે. આજીવન સભ્યપદની રકમ ‘નિરીક્ષક ફાઉન્ડેશન’ના નામે અમદાવાદની બૅન્ક ઉપરના ડિમાન્ડ ડ્રાફ્ટ કે ચેકથી મોકલવા.**

✳ **સંપાદકીય પત્રવ્યવહાર : ‘પ્રકાશ’, નવરંગપુરા પોસ્ટ ઑફિસ પાછળ, અમદાવાદ ૩૮૦૦૦૯. (ફોન : ૨૬૫૬૨૮૦૬)**
✳ બ્લોગ : nirikshakgujaratipakshik.wordpress.com
**તંત્રી : પ્રકાશ ન. શાહ -** E-mail : editor.nireekshak@gmail.com
**સહયોગી તંત્રી (દેશાવર): વિપુલ કલ્યાણી**
E-mail : vipoolkalyani.opinion@btinternet.com
**સંપાદક : કેતન રુપેરા -** E-mail : ketan.nireekshak@gmail.com


| લવાજમ ભરવા માટે સરનામાં | | જા.ખ.ના દર |
|---|---|---|
| અમદાવાદ | ● **વિજય મેગેઝિન વર્લ્ડ** : ૬૨, કલ્યાણ ભવન, બીજા માળે, રૂપમ સિનેમા પાસે, રિલીફ રોડ, અમદાવાદ-૩૮૦૦૦૧ | **આવરણ-૪** |
| | ● **અદીત એજન્સી (એસ.બી. શાહ)** : ૭૨/૮૬૨, અંબિકા એપાર્ટમેન્ટ, અંકુર રોડ, નારણપુરા, અમદાવાદ-૧૩ | રૂ. ૪૦૦૦/- |
| | ● **સૌરભ પુસ્તક ભંડાર** : બી/૨૦, સ્થાપત્ય એપાર્ટમેન્ટ, સ્ટર્લિંગ હોસ્પિટલ પાસે, મેમનગર, અમદાવાદ-૩૮૦૦૫૨ | **આવરણ-૩** |
| | ● **નવકાર મેગેઝિન એજન્સી** : એ, ૭૦૨, ચિન્મય ટાવર, વિશ્રામનગર, સુભાષચોક, મેમનગર, અમદાવાદ-૫૨ | રૂ. ૩૦૦૦/- |
| | ● **ઈમેજ પબ્લિકેશન પ્રા.લિ.** : ૧-૨, પહેલા માળે, સેન્ચુરી બજાર, આંબાવાડી સર્કલ, અમદાવાદ-૩૮૦૦૦૬ | **અંદરનું આખું પાનું** |
| આણંદ | ● **મેગેઝિન વર્લ્ડ** : ગોપાલ ટોકીઝ પાસે, સ્ટેશન રોડ, આણંદ-૩૮૮૦૦૧ | રૂ. ૨૦૦૦/- |
| પાટણ | ● **એજ્યુકેશનલ એમ્પોરિયમ** : ૩૬, ઉમિયાનગર, પાટણ-૩૮૪૨૬૫ | **અંદરનું અડધું પાનું** |
| ભાવનગર | ● **શિવમ એન્ટરપ્રાઇઝ** : બુક સેલર્સ એન્ડ સ્ટેશનર્સ, વનિતા વિશ્રામ સામે, ડોન રોડ, ભાવનગર-૦૧ | રૂ. ૧૦૦૦/- |
| મહેસાણા | ● **નવનીત મેગેઝિન એજન્સી** : એસ-૬, શ્રદ્ધા કોમ્પ્લેક્સ, બીજા માળે, નગરપાલિકા સામે, મહેસાણા-૦૧ | **સેન્ટર સ્પ્રેડ** |
| | ● **પીયૂષ મેગેઝિન એજન્સી** : એસ/૨૧, એ, મુલ્કીભવન, વર્ધમાન વિદ્યાલય પાસે, બસ સ્ટેન્ડ પાસે, મહેસાણા-૦૧ | રૂ. ૪૦૦૦/- |
| મુંબઈ | ● **ઈમેજ પબ્લિકેશન પ્રા.લિ.** : ૧૯૯/૧, ગોપાલભુવન, કલબાદેવી, પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબઈ-૪૦૦૦૦૨ | **પુસ્તકોની જા.ખ.** |
| સુરત | ● **કીમ એજ્યુકેશન સોસાયટી સ્ટુડન્ટ કન્ઝ્યુમર સ્ટોર્સ** : કીમ, જિ. સુરત-૩૯૪૧૧૦ | અડધા દરે |

# કોરોનાનું એક વર્ષ / રિમ્મી વાઘેલા

એપ્રિલ અને મે મહિનાની કાળઝાળ ગરમીમાં ગયા વર્ષે જ્યારે રસ્તાઓ પર કોઈ જ ચહેલપહેલ દેખાતી નહોતી, ત્યારે મજૂરોનાં ટોળેટોળાં, માથા પર કાખમાં સામાન સાથે જોવા મળતા હતા. રેલવે સ્ટેશનની બહાર બેઠા હોય, ખોરાક - પાણી વગર, ભૂખ્યા-તરસ્યા કલેક્ટર ઑફિસની બહાર, પોલીસના ડંડા ખાતા, લૂ લાગવાથી પરેશાન, નાનાં બાળકો,વૃદ્ધો સાથે, હજાર હજાર કિલોમીટર એમ જ પગપાળા જવા નીકળેલા આ મજૂરોની હિજરત કોરોનાના એક વર્ષે ભુલાતી નથી. એટલે જ આંખો બંધ કરીને જ્યારે એક વર્ષ પહેલાનું દ્રશ્ય વિચારીએ છીએ તો તપતા સૂરજની નીચે તંત્રની નીંભરતા અને બિનસંવેદનશીલતાથી વધુ તપી ગયેલા હતાશ નિરાશ ભૂખ્યા દર્શન ચહેરાઓ સામે તરવરી ઊઠે છે.

કોરોના મહામારીને એક વર્ષ પૂરું થઈ રહ્યું છે. ગયું આખુ વર્ષ એક 'હોલોકોસ્ટ' ની જેમ પસાર થયું.'નમસ્તે ટ્રમ્પ' કાર્યક્રમથી શરૂ કરીને એક વર્ષે યોજાયેલી ક્રિકેટ મેચ પછી ફરી વધેલા સંક્રમણના કેસોએ આપણને એક વર્ષ બાદ એ જ સ્થિતિએ લાવીને મૂકી દીધા છે.

લાખો લોકોના ધંધારોજગાર એવા પડી ભાંગ્યા છે કે હજુ આજે પણ ઉભા થઇ શકવાની સ્થિતિમાં નથી. જે કંપનીઓ - ફૅક્ટરીઓ જે પગાર સાથે કર્મચારીઓને નોકરીએ રાખતીહતી, આજે અડધા પગારે પણ વધુ સમય માટે ત્યાં કામ કરવું પડી રહ્યુંછે. અનેક લોકોએ પોતાનો જૂનો ધંધો પડતો મુકીને માસ્કઅને સેનીટાઇઝરનોધંધો ચાલુ કર્યો છે. એવા બનાવો પણ જોવા મળ્યા હતા કે ખાનગી શાળાના શિક્ષકોની નોકરી જવાથી તેમણે ચા નાસ્તાની લારી શરૂ કરી હોય. આ દ્રશ્યો આખા દેશમાં હતાં. એક તરફ ધીમે ધીમે સ્થિતિ સામાન્ય છે, તેવું જણાવીને બધુ ખોલવામાં આવ્યું. પરંતુ જાહેર પરિવહનનાં સાધનો તો અનેક મર્યાદા સાથે શરૂ કરાયાં. ટ્રેન નિયમિત શરૂ થઈ, પરંતુ તેને નિયમિત ગણવાના બદલે 'વિશેષ' ટ્રેન ગણીને વધારે ભાડું હજુ આજની તારીખમાં પણ વસૂલવામાં આવી રહ્યું છે. સિનિયર સિટીઝન કે બાળકોને અપાતું કન્સેશન રેલવેમાં આજની તારીખે પણ બંધ છે. તો ટૂંકા અંતરમાં એક શહેરથી બીજા શહેર નોકરી કરતા લોકો માટે હજુ આજે પણ ટ્રેનની સુવિધાનો અભાવ છે.

સૌથી મોટી નિષ્ફળતા તો આપણા આરોગ્ય તંત્રની આપણી સામે આવી. શરૂઆતમાં જ્યારે આપણે આ મહામારી વિશે યોગ્ય રીતે પરિચિત કે માહિતગાર નહોતા, એ સમયે અનેક આરોગ્યકર્મીઓએ માસ્ક કે પીપીઈ કિટ વગર પણ લોકોના પડખે ઊભા રહીને પોતાની ફરજ અદા કરી હતી. મને યાદ છે શરૂઆતના દિવસો. મારી એક મિત્ર મ્યુનિસિપલ કોર્પોરેશનના શહેરી આરોગ્ય કેન્દ્રમાં નોકરી કરે છે. તેણે કહ્યું હતું કે એમણે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન પાસે પોતાના શહેરી આરોગ્ય કેન્દ્ર માટે સાડા ચારસો જેટલી પીપીઈ કિટની માંગ કરી હતી. પરંતુ એમના આરોગ્ય કેન્દ્ર પર કોર્પોરેશને માત્ર બે કિટ પહોંચાડી હતી. મને એક બીજુ દશ્ય પણ યાદ આવે છે.આખો દેશ બંધ હતો. અમદાવાદનો આવો સૂનકાર મેં આજ પહેલાં ક્યારેય જોયો નથી. પણ એક દિવસ મીઠાખળી ગામની બહાર ઢગલાબંધ ગાડીઓ પાર્ક થયેલી જોઈ. પછી જાણવા મળ્યું કે એ ગાડીઓ ડૉક્ટરોની હતી, જે અમદાવાદ મેડિકલ એસોસિએશનના હોલમાં થઈ રહેલા માસ્ક વિતરણના કાર્યક્રમમાં પોતાના માટે માસ્ક લેવા માટે આવ્યા હતા.અમદાવાદની સિવિલ હોસ્પિટલમાં લાશોના ઢગ અને એ જ સ્થિતિ રાજકોટ,સુરત, જેવાં શહેરોની પણ થઈ.ધમણ વેન્ટિલેટરની વાત (જોકે તેને વેન્ટીલેટર કહેવું કે કેમ તે બાબતે હજુ સુધી કોઈ નિશ્ચિતતા નથી), વેન્ટિલેટર થકી હોસ્પિટલોમાં આગ લાગવી, શ્રેય હોસ્પિટલનો ગોઝારો અકસ્માત, આ બધું એક પછી એક માનસપટ પર જાણે કે ચાલી રહ્યું છે.

સૌથી ખતરનાક તો લાગ્યું હતું, સરકારનું ડેટા મેનેજમેન્ટ. જરૂર પડી ત્યારે આંકડાઓ વધુ બતાવ્યા, જરૂર પડી ત્યારે આંકડાઓ ઓછા દર્શાવ્યા. સરકારી આંકડાઓમાં તો ક્યારેય સ્મશાનની બહાર અંતિમ સંસ્કાર માટે લાગેલી લાઈનોના આંકડા હતા જ નહિ. એ જ સ્થિતિ હજુ આજે પણ છે. સ્મશાનમાં કોરોના પ્રોટોકોલ મુજબ જેટલા લોકોના અંતિમ સંસ્કાર થાય છે, તેનાથી સાવ અડધો આંકડો અખબારોમાં પ્રસિદ્ધ થાય છે.

સામાજિક રીતે પણ અનેક કડવા-મીઠા અનુભવમાંથી પસાર થવાનું બન્યું. કોરોના સંક્રમિત લોકો પ્રત્યે એક નવા પ્રકારની અસ્પૃશ્યતા જોવા મળી, તો બીજી તરફ અનેક સંવેદનશીલ લોકોએ કોઈપણ પ્રકારનો ડર રાખ્યા વગર સંક્રમિત લોકોની વચ્ચે, હિજરત કરતા મજૂરોનાં ટોળાંઓની વચ્ચે પોતાની હૂંફ પ્રસરાવી હતી.

સૌથી વધુ ભોગવવાનું આવ્યું, વિદ્યાર્થીઓના ભાગે. શાળા-કૉલેજો બંધ,'ડિજિટલ ઈન્ડિયા'ની વાસ્તવિકતાની વચ્ચે જબરદસ્તી ઑનલાઈન શિક્ષણ થોપવામાં આવ્યું. અને ઑનલાઈન શિક્ષણના નામે મહામારીથી પીડાતા લોકોની પાસેથી નિયમિત ફી પણ ઉઘરાવવામાં આવી. અનેક વાલીઓ,વિદ્યાર્થીઓ, વિદ્યાર્થી સંગઠનોએ માંગણી કરી હતી કે આ શૈક્ષણિક સત્રને શૂન્ય વર્ષ જાહેર કરીને તમામને ફીમાંથી મુક્તિ આપવામાં આવે. પરંતુ ખાનગી સંચાલકોના ઈશારે લોકોની માંગણી ફગાવી દેવામાં આવી. વાસ્તવિકતામાં કોઈપણ પ્રકારના શૈક્ષણિક કાર્ય વગર એટલી જ ફી ખંખેરવામાં આવી. સ્માર્ટ ફોન કે ઘરે ટીવીના હોવાથી સાવ નાની ઉંમરના વિદ્યાર્થીઓની આત્મહત્યાના સાક્ષી પણ આપણે બનવું પડ્યું. અને કદાચ થોડાક સમય પછી મહામારીમાં સત્તાના ગેરવહીવટના કારણે થયેલ ડ્રૉપ આઉટનુંવાસ્તવિક ચિત્રપણ આપણને જોવા મળશે.

મહામારીથી જાણે લોકોને ઓછો ત્રાસ આપી શકાયો હોય, તેમ રોજેરોજ વધતા જતા પેટ્રોલ-ડિઝલના ભાવ, રાંધણગેસના ભાવ, એમાં ખતમ થઇ ગયેલી સબસીડી, જીવનજરૂરિયાતની ચીજવસ્તુઓના ભાવમાં વધારો, આ તમામ પ્રશ્નો તો વિકરાળ મોઢે સામાન્ય લોકોની સામે ઉભા જ છે.

અલબત્ત, અનેક લોકો કોરોના મહામારીને સંપૂર્ણપણે રાજકીય પણ માને છે. કારણકે સરકારની કાર્યવાહી પણ લોકોની આ માન્યતાને ટેકો આપે છે. એક તરફ પ્રધાનમંત્રી સહિત અનેક નેતાઓની જંગી સભાઓમાં પણ થાય છે, ચૂંટણીઓ પણ યોજાય છે, અને દંડ અને પોલીસના ડંડા માત્ર સામાન્ય લોકોના હિસ્સે આવે છે. એટલે અનેક લોકો હજુ રસી લેવાથી પણ ડરે છે.

લોકડાઉન લાગુ કરતા પહેલાં પ્રધાનમંત્રીએ કહ્યું હતું કે આપણે આ આફતને અવસરમાં પરિવર્તિત કરીએ. અને તંત્રએ ખરેખર આ વાતને તાત્કાલિક પકડી પાડી. એટલે જ આ મહામારી દરમિયાન મજૂર વિરોધી કાયદાઓ પસાર કરવા, કૃષિ કાયદાઓ પસાર કરવા, રેલવેનું - એરપોર્ટનું ખાનગીકરણ કરવું, નવી શિક્ષણ નીતિ જેનો સમગ્ર દેશમાં મોટા પાયે વિરોધ થયો હતો તેને લાગુ કરવી, એવા તો અનેક લોકવિરોધી પગલાંઓ લોકોનો મત ચૂપ કરીને લાગુ કરી દેવામાં આવ્યા.

પરંતુ કોરોના મહામારી અને પછી સરકારની બેદરકારીથી જન્મેલી નવી મહામારીની વચ્ચે સમગ્ર દુનિયામાં બે ચળવળે આપણા સૌમાં એક આશા જન્માવી છે. એક હતી, અમેરિકામાં 'Black Lives Matter'. જે રીતે અમેરિકામાં પણ ગરીબ અશ્વેત લોકો સાથે મહામારી દરમિયાન ભેદભાવ થયો અને ગરીબ હોવાના કારણે તેમણે ભોગવવાનું આવ્યું એ અપમાન અને અવહેલનાની સામે 'I can't breath...', જ્યોર્જ ફ્લોયડનાઆ શબ્દો આપણા સૌની વેદનાનું પ્રતીક બન્યા. તો આપણા દેશમાં પણ સો દિવસ કરતાં વધુ દિવસોથી ચાલી રહેલું ખેડૂત આંદોલન એ આંદોલનના ઇતિહાસમાં એક નવું પ્રકરણ છે. આંદોલન એટલે માત્ર નારાબાજી નહીં, પરંતુ જીવનનાં તમામ પાસાંઓને આવરી લેતું એક નવા સમાજનું સપનું. દિલ્હીની બોર્ડર ઉપર દેશભરના ખેડૂતોએ નવા સમાજનું સપનું પોતાના આંદોલનમાં પ્રતિબિંબિત કરીને બતાવ્યું કે જે આંદોલનોમાં ગીતો અને નાટકો પણ હોય, લાઈબ્રેરી પણ હોય, મેડિકલ કેમ્પ પણ હોય, જીવન જરૂરિયાતની ચીજવસ્તુઓના સ્ટોલ પણ હોય, સરકાર વીજળી કાપી નાખે, પાણીનો પુરવઠો ખોરવી નાખે તો આંદોલનના સ્થળે બોર ખોદી નાખવાની તાકાત પણ હોય! અને એટલે જ આ બંનેઆંદોલનો કોરોના મહામારીની હતાશાની સામે દિશા ચીંધનાર છે.

આમ, કોરોના મહામારીનું એક વર્ષ એટલે નિરાશા અને આશા વચ્ચેના સંઘર્ષનું વર્ષ. અને હંમેશની જેમ વિશ્વાસ છે કે આ વખતે પણ આશા જ નિરાશા પર ભારી પડશે.

(સેક્યુલર લોકશાહી આંદોલનની દર ગુરુવારની અઠવાડિક ચર્ચામાં 'કોરોનાનું એક વર્ષ'વિષય બાબતે પરેશભાઈ, દેવેન્દ્રભાઈ, ઈશ્વરકાકા, રિયા, પ્રશાંતભાઈ, નીરુકાકી, ઇન્દુબા, મન્મથભાઈ, કિરણબહેન, આશિષ, મહેન્દ્ર સચિનભાઈ, વગેરે સાથે થયેલી વાતચીતનાઆધારે)

vaghelarimmi@gmail.com



# દિલ્હી હવે કેન્દ્રશાસિત / રમેશ સવાણી

કેન્દ્ર સરકાર એટલે કે વડાપ્રધાન; દિલ્હીના સીએમ કેજરીવાલને ચૂંટણીમાં પરાસ્ત ન કરી શક્યા અને ભવિષ્યમાં પરાસ્ત કરી શકાશે નહીં એવી ગળા સુધી ખાતરી થવાથી વડાપ્રધાન હવે એલજી મારફતે કેજરીવાલની પાંખો કાપી લેવા આતુર બની ગયા છે ! દિલ્હીના બોસ કોણ : સીએમ કે એલજી ? દેશની રાજધાની દિલ્હીમાં હવે મુખ્યમંત્રીને શહેરના 'મેયર' જેટલી જ સત્તા રહેશે; એટલે કે નામની જ સત્તા રહેશે ! હવે બધા આખરી નિર્ણયો સીએમ નહી પણ એલજી-લેફ્ટનન્ટ ગવર્નર-ઉપરાજ્યપાલ લેશે ! ૧૫ માર્ચ ૨૦૨૧ના રોજ સંસદમાં 'દિલ્હી રાષ્ટ્રીય રાજધાની ક્ષેત્ર શાસન સંશોધન વિધેયક-૨૦૨૧' કેન્દ્ર સરકારે રજૂ કર્યું છે! આ બિલ મંજૂર થતાં 'નોમિનેટેડ' એલજી પાવરફૂલ બનશે; અને ઈલેકટેડ સીએમ સત્તાહીન બનશે ! સવાલ એ છે કે લોકશાહીમાં સર્વોચ્ચ કોણ; નોમિનેટેડ કે ઈલેકટેડ? કેજરીવાલને પોતાની ભૂલ નડી રહી છે. જ્યારે કેન્દ્ર સરકારે ૨૦૧૯માં, જમ્મુ-કાશ્મીરમાં આર્ટિકલ-૩૭૦ હટાવી બે રાજ્યોનું સર્જન કર્યું ત્યારે કેન્દ્ર સરકારના તે નિર્ણયને કેજરીવાલે સમર્થન આપ્યું હતું. કેન્દ્ર સરકારે જમ્મુ કાશ્મીર રાજ્ય સાથે જે કર્યું હતું તે હવે કેજરીવાલ સાથે થઈ રહ્યું છે ! તેમની સત્તા નિયંત્રિત થઈ રહી છે ! બિલની જોગવાઈ મુજબ 'સરકાર એટલે એલજી' ! કેજરીવાલ કહે છે કે તો પછી ચુંટાયેલી સરકારની જરૂર શું છે? વડાપ્રધાને દિલ્હી વિધાનસભાની ચૂંટણી વેળાએ પોતાના ઘોષણાપત્રમાં કહ્યું હતું કે દિલ્હીને પૂર્ણ રાજ્યનો દરજ્જો આપવામાં આવશે. પરંતુ વડાપ્રધાનને, દિલ્હી વિધાનસભામાં માત્ર ૮ બેઠકો મળી એટલે વડાપ્રધાનનું મન ખાટું થઈ ગયું છે !

આ બિલની મુખ્ય જોગવાઈઓ શું છે? [1] મંત્રીમંડળ જે નિર્ણય કરે તે પૂર્વે/ કોઈ નિર્ણય લાગુ પાડતા પૂર્વે એલજીની 'સલાહ' લેવી પડશે ![2] એલજી એ બાબતો નક્કી કરશે કે કઈ કઈ બાબતોમાં પોતાની સલાહ લેવી! [3] દિલ્હી વિધાનસભાએ બનાવેલ કોઈ પણ કાયદામાં 'સરકાર એટલે એલજી' માનવાનું રહેશે ! [4] દિલ્હી વિધાનસભા કે તેની કોઈ સમિતિ વહીવટી નિર્ણયોની તપાસ કરી શકશે નહીં; આવા નિયમો બનાવેલ હોય તે બધા રદ થઈ જશે ! [5] દરેક ફાઈલ એલજી પાસે જશે. દિલ્હી વિધાનસભા એલજીને પૂછ્યા વિના કોઈ કાયદો કે નિયમો બનાવી શકશે નહીં ! [6] દિલ્હી વિધાનસભાએ પસાર કરેલ બિલને એલજી મંજૂરી નહી આપે જે વિધાનસભાના ક્ષેત્ર બહારનું હોય ! આવા બિલને એલજી રાષ્ટ્રપતિની વિચારણા માટે રીઝર્વ રાખી શકશે ! [7] દિલ્હી વિધાનસભાનું કામકાજ લોકસભાના નિયમો મુજબ ચાલશે. વિધાનસભામાં જે વ્યક્તિ હાજર ન હોય; તેની આલોચના કરી શકાશે નહીં !

ટૂંકમાં, દિલ્હીમાં વિધાનસભા/મંત્રીમંડળ/સીએમ હોવા છતાં તે કેન્દ્રશાસિત પ્રદેશ બની જશે ! કેજરીવાલને અપંગ બનાવવા માટેનું જ આ બિલ છે તેમ સ્પષ્ટ થાય છે. સુપ્રીમ કોર્ટની બંધારણીય બેન્ચે ૪ જુલાઈ ૨૦૧૮ ના રોજ પોતાના ચુકાદામાં કહ્યું હતું : [1] એલજી મંત્રીમંડળની સલાહથી કામ કરશે. જો કોઈ અપવાદ હોય તો તે બાબત રાષ્ટ્રપતિને મોકલશે; અને જે નિર્ણય રાષ્ટ્રપતિ લે તેનો અમલ કરશે. એટલે કે એલજી પોતે કોઈ નિર્ણય સ્વતંત્રપણે નહીં લે. [2] બંધારણના આર્ટિકલ-૨૩૯ એએ મુજબ મંત્રીમંડળ પાસે એક્ઝિક્યુટિવ પાવર્સ છે. [3] મંત્રીમંડળ 'સ્ટેટ સૂચિ' અને 'સંયુક્ત સૂચિ'માં જે વિષય છે તેમાં ત્રણ અપવાદ છોડીને બાકીની બાબતોમાં સ્વતંત્ર રીતે નિર્ણય કરી શકશે. [4] કાયદો-વ્યવસ્થા/ પોલીસ/જમીન આ ત્રણ બાબતો સિવાય 'રાજ્ય સૂચિ'માં જે વિષયો છે તે અંગે રાજ્ય સરકાર કાયદો બનાવી શકે છે. [5] રાજ્ય સરકાર જે કંઈ નિર્ણય કરે તે અંગે એલજીને માહિતગાર કરશે; પરંતુ એસજીની સહમતી જરુરી નથી. [6] અપવાદ તરીકે કોઈ બાબતને એલજી રાષ્ટ્રપતિને મોકલી શકે; પરંતુ દરેક બાબતને નહીં ! આર્ટિકલ-૨૩૯ એએ ક્લોઝ-૪ માં અપવાદની વ્યાખ્યા આપેલ છે; તે મુજબ એલજી કામ કરશે. ૧૯૯૧માં બંધારણમાં ૬૯મો સુધારો કરી આર્ટિકલ- ૨૩૯ એએની જોગવાઈ કરી હતી; જેમાં દિલ્હીને પોતાના એમએલએ ચૂંટવાનો અધિકાર મળ્યો હતો. દિલ્હી માટે વિધાનસભાની વ્યવસ્થા કરવામાં આવી, અને જાહેર વ્યવસ્થા/ પોલીસ/જમીન એ ત્રણ બાબતો સિવાય 'રાજ્ય સૂચિ'માં જે વિષયો છે તે અંગે કાયદા ઘડવાની સત્તા આપવામાં આવી હતી.

કેન્દ્ર સરકારે; સુપ્રીમકોર્ટની બંધારણીય બેંચના જજમેન્ટને રદ કરવા આ બિલ રજૂ કર્યું છે. વડાપ્રધાનનું આ પગલું; સમવાયતંત્રની ભાવના/ લોકશાહી વ્યવસ્થા /બંધારણ વિરુધ્ધનું છે. વડાપ્રધાન એલજી મારફતે દિલ્હી સરકાર ચલાવવા ઈચ્છે છે; એટલે કે વાંકી આંગળીએ સત્તાનું ઘી કાઢવા ઈચ્છે છે ! વડાપ્રધાન પોતે સંસદના પગથિયે ભલે માથું ઝુકાવે; વાસ્તવમાં લોકશાહી મૂલ્યો અને બંધારણને કચડી નાખવાની એક પણ તક છોડતા નથી !

---

લેખક નિવૃત્ત આઈજીપી છે.

# બંગાળમાં મોદીની રાજનીતિ: પડકારો અને પ્રશ્નો / ભરત મહેતા

મિથુન ચક્રવર્તીનું બંગાળની રાજનીતિમાં ભાજપતરફી આવવું એકાએક નથી. ભાજપની ગભરામણનું સૂચક છે. પોતે રાજનીતિમાં નથી માનતા એવું કહેતા સંગઠનના પ્રમુખ મોહન ભાગવત મિથુનને ત્યાં જમવા પધારે છે! શારદા ચીટ ફંડના વધુ એક શકમંદ મિથુન ભાજપમાં ભળી જાય છે. પ્રચાર માટે ઉદ્યોગપતિઓએ આપેલાં ૮૫% રૂપિયા ભાજપ પાસે છે. તેથી ચૂંટણી પૂર્વે ભ્રષ્ટ નેતાઓને ભાજપમાં ખેંચવાનો ચાલ શરૂ થઈ ગયો છે. ત્યારબાદ ચૂંટણીમાં પૈસાની રેલમછેલ ચાલશે. તે પછી પણ જો ન જીતાય તો ચૂંટણી પછી અન્ય પક્ષના કે અપક્ષ ચૂંટાયેલા ધારાસભ્યોને ખરીદવાની મોસમ બેસશે. તેથી યેન કેન પ્રકારેણ ભાજપ ઉત્તરપૂર્વના રાજ્યોની માફક અહીં સરકાર બનાવી પણ શકે. તેમ છતાં, ભાજપ સામે જે પ્રશ્નો છે એ બંગાળી સંસ્કૃતિ સાથે ઊંડા સંકળાયેલા છે.

બંગાળ ભારતીય સ્વાતંત્ર્યસંગ્રામનું મહત્ત્વનું કેન્દ્ર રહ્યું. તદુપરાંત સામજિક-ધાર્મિક સુધારણામાં પણ અગ્રેસર રહ્યું. રાજા રામમોહન રૉય, ઈશ્વરચંદ્ર વિદ્યાસાગર, વિવેકાનંદ, ટાગોર, શરદબાબુ, નઝરુલ ઈસ્લામ, જગદીશચંદ્ર બૉઝને યાદ કરી શકાય. પ્રગતિશીલ વિચારધારાઓએ અહીં સતત હાજરી આપી છે. વંદે માતરમથી ઈન્કિલાબ ઝિંદાબાદની યાત્રા અનુશીલન સમિતિની સશસ્ત્ર ક્રાંતિએ કરી છે. એની જ આગલી કડીમાં પ્રજામાં સામ્યવાદ પ્રત્યે આદર જન્મ્યો. સી.પી.એમ.ની નંદિગ્રામની ભયંકર ભૂલે જે આંદોલન થયું એનો લાભ મમતા બેનર્જીને મળ્યો. એમાં રાજ્યપ્રેરિત હિંસાએ આડો આંક વાળી દીધો હતો. તેથી મહાશ્વેતાદેવી જેવા ડાબેરી લેખકોએ પણ એનો વિરોધ કર્યો. ૨૦૧૧ની ચૂંટણી મમતા બેનર્જી જીત્યાં હતાં અને ભાજપના જ સાથીદાર પણ બન્યાં! અગાઉ સી.પી.એમ.ના ગાળામાં બૂથ કેપચરિંગથી માંડી રાજકીય હિંસાનો સિલસિલો પણ હતો. જોકે બંગાળમાં ક્યારેય ભાજપની જેમ ઉદ્યોગપતિઓના પૈસાથી ચૂંટણી લડાઈ ન હતી.

અત્યારે ભાજપની મુશ્કેલી એ છે કે શાહીનબાગ અને કિસાન આંદોલને હિંદુ-મુસ્લિમ ધ્રુવીકરણની હવા કાઢી નાંખી છે. મોહન ભાગવતનો પ્રવેશ બતાવે છે કે ભાજપ ચૂંટણી જીતે કે હારે પણ બંગાળમાં સાંપ્રદાયિક ધ્રુવીકરણ શરૂ થશે. અહીં મુસ્લિમોની સંખ્યા સારા પ્રમાણમાં હોઇને આ માનસિકતા ઊભી કરવા માટેની બંગાળ ફળદ્રુપ જમીનરૂપે ભાજપ જોઈ રહ્યો છે. જો કે આ બંગાળ છે. બિહાર, યુ.પી. કે ગુજરાત નથી કે ભાજપની સંકુચિત રાજનીતિમાં ફસાય. અહીં હિંદુ-મુસ્લિમ સૌહાર્દનું વાતાવરણ છે. પ્રજાનો આ મિજાજ ભાજપને માફક આવે એવો નથી. બંગાળી સમાજનો એક વર્ગ જ્ઞાનનો ખૂબ પિપાસુ છે જેની સાથે મોદીજીને ઝાઝી લેવાદેવા નથી. નરેન્દ્ર મોદીને નહીં ગમતો શબ્દ છે-બુદ્ધિજીવી. હવે એમાં આંદોલનજીવી પણ ઉમેરાયો છે. સામા પક્ષે બંગાળ બુદ્ધિજીવી અને આંદોલનજીવી નાગરિકોથી ઉભરાતું રાજ્ય છે.

ત્રીજું, કેન્દ્રમાં ભાજપ આવ્યા પછી જે જે વસ્તુઓ ઘોષણાપત્રમાં ન હતી એ એ જ કરી! જીએસટી, નોટબંધી અને કૃષિ બિલ એનાં રોકડાં ઉદાહરણો છે. એફ.ડી.આઈથી માંડી પેટ્રોલ-ડિઝલના ભાવ લગી ફેરવી તોળવું હવે પ્રજા સમજવા મંડી છે. કેન્દ્રમાં મોદી શાસન પછી રાજ્યના બંધારણીય હક્કો પર સીધી તરાપ મારવામાં આવી છે. તાજેતરમાં ત્રણસો કિસાનો મરી ગયાં બિલ સામે, એ કૃષિ બિલ રાજ્યની સત્તામાં આવે પણ કેન્દ્ર થોપી માર્યું. ૩૭૦ની કલમ રાખવી કે હટાવવી એ અધિકાર કાશ્મીરની ધારાસભાનો હતો જે કેન્દ્રે જ લઈ લીધો! ૩૭૦મી કલમ તો હટાવી પરન્તુ સાથોસાથ કાશ્મીરનો સ્વતંત્ર રાજ્ય તરીકેનો દરજ્જો સમાપ્ત કરીને કેન્દ્રે રાજ્યની સ્વાયત્તતા પર હુમલો કર્યો છે. હવે વારો દિલ્હીનો છે. તેથી આવી કેન્દ્ર સરકાર પ્રત્યે વિપક્ષની રાજ્ય સરકારો સાશંક ન હોય તો જ નવાઈ! આવા સંજોગોમાં મિથુન ચક્રવર્તીથી ઝાઝો જયવારો ન થાય. બંગાળની પ્રજા દક્ષિણની પ્રજા જેવી નથી કે ફિલ્મી કલાકારો માટે આવું ગાંડપણ ધરાવતી હોય. હા, રમતપ્રેમી ખરી. તેથી જ 'ખેલા હોબે' ચૂંટણીમાં પ્રચલિત સૂત્ર બન્યું છે. તેથી જ તો ભાજપ સૌરવ ગાંગુલીને મેદાનમાં લાવીને પરિણામ બદલવાનો પ્રયત્ન કરશે એવું લાગી રહ્યું છે. જે મોદી જિંદગી આખી કાળું નાણું અને ભ્રષ્ટાચાર બોલ્યાં કર્યા છે એ બે વાનાંનો એ ચૂંટણીમાં ભરપૂર ઉપયોગ કરે છે.

આજે ચૂંટણી મીડિયાકેન્દ્રી છે. તેથી રમૂજમાં એવું કહેવાય છે કે ભાજપ સરકારે ભલે રેલવે, વિમાનમથકો, સ્ટેડિયમો, જાહેર એકમો, વીમાકંપની અને બૅંકો વેચવા માંડી પણ કેટકેટલી ખાનગી ચેનલોને સરકારી કરી નાંખી! કિસાન આંદોલનમાં મારા જેવા નાગરિકે આ ખાસ અનુભવ્યું છે. બંગાળની મહારેલીમાં નરેન્દ્ર મોદી કંઈ જ નવું બોલ્યા નથી. યુ.પી.માં જે બોલતા હતા, અખિલેશ-માયાવતીની જગ્યાએ મમતા બોલાતું હતું એટલો જ ફરક! બંગાળ માટેની કોઈ બ્લુ પ્રિન્ટ એમની પાસે હતી નહીં. બંગાળની પ્રજા ધાર્મિક છે પણ અંધવિશ્વાસુ નથી. તેથી યુ.પી. કે અન્યત્ર ભાજપની રામમંદિર આશરે ચાલેલી નીતિ અહીં રંગ લાવતી નથી. ગુજરાતની સ્થાનિક ચૂંટણીમાંય રામમંદિરની કૂપનો વેચાતી હતી, યુનિવર્સિટીના પ્રોફેસર્સ પણ વેચે છે! એનો અહીં પ્રભાવ નથી. બંગાળની પ્રજા વધુ સાર્થક, નક્કર સાંભળવા માટે તૈયાર થયેલી રાજનૈતિક જનતા છે. તેથી એમને આકર્ષી શકે તેવા મુદ્દાઓનો અભાવ ભાજપની મોટી સમસ્યા છે. સાથે હતાં ત્યારે મમતા, માયાવતી કે મહેબૂબાનાં વખાણ કરતાં ભાજપના નેતાઓ બળવાન બન્યા પછી સાથી પક્ષોને છોડીને નિરાધાર કરી મૂકતી રાજનીતિ ખેલે છે. એનો પરિચય પણ અત્યારે બોલાતાં મમતા માટેનાં વિધાનોમાં જોઈ શકાય. આપ કે ટીએમસી સરેરાશ પાર્ટી છે, પરંતુ સ્થાનિક સ્તરે એ લોકપ્રિય છે જેમ રાષ્ટ્રીય સ્તરે ભાજપ છે. તેથી અહીં સ્થાનિક અને રાષ્ટ્રીય લોકપ્રિયતાની લડાઈ છે. ડાબેરી પક્ષોના શાસનની અણઆવડતથી ઊભો થયેલો અવકાશ ભરવાના ફાંફા છે. આરએસએસની શાખાઓ રાજ્યમાં વધી છે. જોકે, બીજી તરફ ઉચ્ચ મૂલ્યબોધ સાથે એસયુઆઈસી (સી) જેવી ડાબેરી પાર્ટી કાર્યરત છે જેને બંગાળની સંસ્કૃતિ સાથે લેવાદેવા છે.

હમણાં જ ઉત્તરપ્રદેશના મુખ્યમંત્રી યોગીજીએ કહ્યું કે આ દેશની સહુથી મોટી બિમારી ધર્મનિરપેક્ષતા છે. બંગાળી જનતા આમાં બિલકુલ માનતી નથી. અગાઉ કહ્યું તેમ બંગાળી પ્રજા ધાર્મિક છે પણ ધર્મઝનૂની નથી. નફરત શીખી જ નથી. 'સાબાર ઉપર માનુષ'ની પરંપરા છે. ધર્મની પણ એણે સતત ચિકિત્સા કરી છે. છેક રાજા રામમોહનરૉય, ઈશ્વરચંદ્ર વિધાસાગર, શરદબાબુ, ટાગોર, વિવેકાનંદ બધામાં આ જોઈ શકાય. એનું પરિણામ આજે પણ સારું છે. તમે જુઓ તો ભારતના પ્રખ્યાત સાધુઓ આશારામ, શ્રી શ્રી રવિશંકર, રામદેવ, સહુનો જરાય પ્રભાવ અહીં નથી. અહીં દલિત અત્યાચારોની સંખ્યા નગણ્ય છે. અસ્પૃશ્યતાનો પ્રશ્ન વિકટ નથી. આજે રાજ્યમાં ૨૯% મુસ્લિમો છે. બંગાળે ૧૯૪૭માં

અને પુનઃ ૧૯૭૨માં એમ બે વાર વિભાજનની પીડા વેઠી છે છતાં ત્યાં મુસ્લિમદ્વેષ નથી. મૉબ લિંચિંગની ઘટના તમે કલ્પી પણ ન શકો. અસહિષ્ણુતાનું નામોનિશાન નથી. આ રાજ્યમાંથી સાધ્વી પ્રજ્ઞા જીતી ન શકે. મોદીની લોકપ્રિયતા જ્યારે પરાકાષ્ઠા પર હતી ત્યારે ઈ. ૨૦૧૬ની ચૂંટણીમાં ભાજપને માત્ર ત્રણ સીટ મળી હતી! ઈ. ૨૦૧૪માં વડાપ્રધાન બનેલ નરેન્દ્ર મોદી અને ભાજપ સરકારને બંગાળી જનતાએ આપેલો ચુકાદો કેટલો સાચો હતો એ પછી તરત જ સાબિત થયું. ધર્મની રાજનીતિએ ઘૃણા અને અંધવિશ્વાસનો ફેલાવો કર્યો. અખલક જેવી ઘટનાઓ ઠેરઠેર બનવા માંડી. ખરું ગુજરાત મોડેલ આ હતું. હમણાં જ સીમીના કાર્યકરોના નામે પકડાયેલ સુરતના ૧૭૦ મુસ્લિમોને ૨૦ વર્ષે ગુજરાત હાઈકોર્ટે જ નિર્દોષ જાહેર કર્યા. વીસ વરસ કેટલીક પીડા વેંઢારવી પડી હશે? આની સામે બંગાળમાં હિંદુ ધાર્મિકને ધર્મની સાથોસાથ વિજ્ઞાન કે તર્કમાં એટલો જ રસ છે. 'સાબાર ઉપર માનુષ'ની પરંપરા છે. રામકૃષ્ણ પરમહંસ-વિવેકાનંદની પરંપરા છે. જ્યાં ધર્મ અંગત આસ્થાનો વિષય છે, રાજનીતિનો નહીં. ધર્મની રાજનીતિ અંધવિશ્વાસને જન્મ આપે છે. મોદીજી નેપાળ જાય તો જાય પરતુ પશુપતિનાથને કરોડોનો ચઢાવો કરે ત્યારે વરવું લાગે! યુ.પી., બિહારની ખંડિયેર કૉલેજોમાં આ ચઢાવાની જરૂર છે. આ અંધવિશ્વાસથી જ એમણે કોરોનાકાળમાં આરતી અને ઘંટ વગાડાવ્યો હતો. સર્જરીવિદ્યા આપણી પાસે હતી કારણ કે ગણેશના છેદાયેલા મસ્તક પર હાથીનું મસ્તક બેસાડેલું એવું વૈજ્ઞાનિકોની સભામાં મોદીજી બોલી શકે છે! ભરપૂર ધાર્મિક હોવા છતાં બંગાળી પ્રજાને આવા વડાપ્રધાન માફક ન આવે તેવી બંગાળી સંસ્કૃતિ છે. પ્રજાને આવી બનાવવામાં ડાબેરી વિચારધારાનો ફાળો છે. ત્રિપુરામાં આદિવાસીની ઓળખના નામે એક રાજનીતિ રમીને ભાજપ ત્યાં જીત્યું હતું. આજે ત્રિપુરાની હાલત ખરાબ છે. કેરળ, બંગાલ અને ત્રિપુરાના ડાબેરી શાસનનો પ્રભાવ ભાજપ માટે અડચણરૂપ છે. આનો અર્થ એ નથી કે બંગાળમાં અપસંસ્કૃતિ નથી. પરતુ ગાળાગાળી, સાંપ્રદાયિક તણાવ, લવ જેહાદ, મંદિર-મસ્જિદ આ બધું ભારતનાં અન્ય રાજ્યોની સરખામણીમાં મૂકશો તો ખ્યાલ આવશે કે પ્રજા જાગૃત છે. સામ્યવાદી શાસન સામે પણ સતત આંદોલનો થયાં હતા. નંદિગ્રામ એનું સૌથી મોટું ઉદાહરણ છે. કોર્પોરેટ હિતના સહુથી મોટા ચોકીદારને નંદિગ્રામની જનતા આવકારી શકે ખરી? એકબાજુ કોર્પોરેટ હિત અને બીજા હાથમાં ધર્મની રાજનીતિનો જાદુઈ ખેલ બંગાળમાં નહીં ચાલી શકે. છેલ્લાં સાત વરસમાં મોદી સરકારે આ સિવાય કશું કર્યું જ નથી. ૩૭૦, અયોધ્યા અને એનઆરસી, સીએએ એનાં ઉદાહરણો. આમાંનું કશુંય બંગાળમાં નહીં ચાલે. જો બે કરોડ નોકરીવાળું થયું હોત તો રસ પડત. ધર્મની રાજનીતિનાં ઘાતક પરિણામો જાણતી બંગાળી પ્રજા ભાજપ સામે શરણાગતિ નહીં સ્વીકારે તેટલું તો અત્યારે ચોખ્ખું દેખાય છે.

શ્રદ્ધાંજલિ

## નટવર ભટ્ટ : શાયરીની દુનિયાનો અલગારી વણઝારો.... / અજય પાઠક

તાજેતરમાં 'ગુલિસ્તાઁ-એ-શાયરી' મૂલ્યવાન ગ્રન્થના સંપાદક તથા ભાવક શ્રેષ્ઠ "નટવર ભટ્ટ"નું વડોદરા ખાતે દુઃખદ નિધન થયું. પત્રકારણમાં લાંબી કારકિર્દી ધરાવનાર નટવર ભટ્ટ સાહિત્યનો લગાવ ધરાવતા હતા અને તેનો અનોખો ઉન્મેષ તેમના સંપાદનમાં સુપેરે પ્રગટે છે. ડિસેમ્બર, ૨૦૧૯માં પૃ. ૭૩૬, હાર્ડબાઉન્ડ ગ્રન્થમાં નટવર ભટ્ટે પોતાનું સમગ્ર જીવનસંગીત પ્રગટ કરી દીધું છે. ગ્રન્થમ મૂલ્ય-દર્શાવ્યું છેઃ શૅરો-શાયરીનો લગાવ. ભાવયિત્રી પ્રતિભાની આવી શબ્દસાધના જવલ્લે જ જોવા મળે છે. ૭૩૬ પૃષ્ઠોમાં ૭૨૯ શૅર મૂકવામાં આવ્યો છે. વિષયવાર વર્ગીકરણ કરીને મૂક્યા છે. ગુજરાતી, હિન્દી, ઉર્દૂ ભાષાઓમાંથી પસંદગીપૂર્વકના મૂક્યા છે. પૃષ્ઠમાં છ-સાત કે આઠ શૅર લેખે ૭૨૯ પૃષ્ઠોમાં કુલ શૅર કેટલા થાય તે જોવું પણ રસપ્રદ. ૧૦૪ વિષયોમાં વર્ગીકરણ નોંધપાત્ર. અને શાયરો? જોશ મલિહાબાદી, જિગર મુરાદાબાદી ફિરાક ગોરખપુરી, નિધા ફાઝલી, કૈફી આઝમી, સાહિર લુધિયાનવી વગેરે, કેટલાંય નામો જોવા મળે. છ દાયકાથી વધુ સમય કામ કરીને લાખો શેરમાંથી પસાર થઈને જેમાં જિન્દગી જોવા મળી તેવા શેર પસંદ કર્યા છે. નટવર ભટ્ટનું આ કામ નોંધવું જોઈએ અને તપસ્વીને ભાવભરી અંજલિ અર્પણ કરવી જોઈએ.

ભાવનગરની બાર્ટન લાઈબ્રેરીને 'ગુલિસ્તાઁ-એ-શાયરી' પુસ્તક ભેટ ધરવા માટે સંપાદકે મને કામ સોંપ્યું હતું તે ધન્ય સ્મરણ છે.

નટવર ભટ્ટ પોતાના અભ્યાસકાળથી શબ્દપ્રીતિ ધરાવનાર પ્રતિભા હતા. હજુ અભ્યાસ પૂરો કરે તે પહેલાં ઈ.સ. ૧૯૪૭માં 'મુંબઈ સમાચાર' સાપ્તાહિકમાં તેમની વાર્તાઓ પ્રસિદ્ધ થવા લાગી હતી. ઈ.સ. ૧૯૫૦માં 'જનશક્તિ' દૈનિક શરૂ થતાં એમાં 'સમાજનાં વહેણ' નામક વિભાગનું સંપાદન કર્યું. સમર્પણ, અભિષેક, અખંડ આનંદ, વિરાટ જાગે, સ્ત્રી સાપ્તાહિક, લોકતંત્ર, પ્રજાતંત્ર, લોકસત્તા, આસ્થા, પરમતત્ત્વ વગેરે સામયિકોમાં લેખો, વાર્તાઓ લખતા રહ્યા. 'કવિ રહીમ' પરિચય પુસ્તિકા લખી, ૧૯૭૪માં. ૧૯૭૬માં અમીર ખુસરો વિશે નાનકડું પુસ્તક કર્યું.

ઈ.સ. ૧૯૮૦-૮૧માં 'મુંબઈ સમાચાર' સાપ્તાહિકમાં 'ઉર્દૂ શાયરીનું ગુલશન' વિભાગનું સંચાલન કર્યું.

ઈ.સ. ૧૯૫૦થી શૅરશાયરીનો ગાઢ લગાવ થયો. સેંકડો પુસ્તકો આત્મસાત કર્યા. પોતાની સંવેદનાને અહીં તેમણે પ્રતિબિંબિત થતી અનુભવી. જીવનનો મર્મ અને ધર્મ શાયરીમાં જોયો. ગુજરાતી, હિંદી, ઉર્દૂ ભાષાના કવિઓને અનેક મુશાયરામાં માણ્યા. પોતાની આ સુગુંધયાત્રાની મહેંક સૌમાં વહેંચવા, પ્રસરાવવા 'ગુલિસ્તાઁ-એ શાયરી' પુસ્તક સંપાદિત કર્યું જેમાં સૌ ભાવકોને ઊંડા ઉતરવા ઈજન આપવાની એમની ભાવના રહી હતી.

આઁખે વિષય પર લગભગ ૭૨ શૅર પ્રસ્તુત કર્યા. મીરના બે શૅર જોઈએ :

૧. રહતે હો તુમ આઁખોં મેં ફિરતે હો તુમ્હીં દિલમેં
મુદત સે અગરચે યહાઁ આતે હો ન જાતે હો.

૨. આઁખેં જો ખુલ રહી હૈં મરને કે બાદ મેરી
હસરત યહ થી કિ ઉનકો મૈં એક નિગાહ દેખૂઁ.

ભાવભરી શ્રદ્ધાંજલિ પ્રસ્તુત છે.

ભાવનગર

## શ્રીમંત ખેડૂતો, વૈશ્વિક કાવતરાં, સ્થાનિક મૂર્ખતા / પી. સાંઈનાથ

દિલ્હીની સરહદો પર વિરોધ કરી રહેલા ખેડૂતોને વિખેરવાના પ્રયાસો નિષ્ફળ જતાં, સ્થાનિક દમનને ન્યાયી ઠેરવવાવાળી આંતરરાષ્ટ્રીય ષડયંત્ર વિશેની માન્યતાઓનો રાફડો ફાટ્યો છે. તો હવે પછીના સમયમાં આ માન્યતાઓ આ પૃથ્વીની બહારના પરિબળોનો હાથ પણ આમાં જોશે કે શું?

લાખો માણસોને માટે પાણી અને વીજળીનો પુરવઠો કાપી નાખવો જેથી કરીને તેમને સ્વાસ્થ્યનાં ભયાનક જોખમોનો સામનો કરવો પડે, પોલીસ અને અર્ધલશ્કરી દળો દ્વારા અવરોધો મૂકીને તેમને એક વિસ્તારમાં બાંધી રાખવા અને તે પણ અત્યંત જોખમકારક, સ્વાસ્થ્ય માટે હાનિકારક પરિસ્થિતિઓમાં, પત્રકારો માટે વિરોધ પ્રદર્શન કરી રહેલા ખેડૂતો સુધી પહોંચવું લગભગ અશક્ય બનાવી દેવું, એક એવા સમુદાયને સજા કરવી કે જે પાછલા બે મહિનામાં પોતાના ૨૦૦ સભ્યોને ગુમાવી ચૂક્યો છે, મોટા ભાગના હાઈપોથર્મિયાને કારણે મૃત્યુ પામ્યા છે. વિશ્વના બીજા કોઈ ઠેકાણે આને બર્બરતા તેમજ માનવાધિકાર અને ગૌરવ પરનો હુમલો ગણવામાં આવશે.

પરંતુ આપણે, આપણી સરકાર, અને ચુનંદા શાસકો બીજી ઘણી વધારે ગંભીર ચિંતામાં ઘેરાયેલાં છીએ. જેમ કે રીહાન્ના અને ગ્રેટા થનબર્ગ જેવા ખતરનાક વૈશ્વિક આતંકવાદીઓના વિશ્વના મહાન રાષ્ટ્રને બદનામ કરવાના અને અપમાનિત કરવાના કાવતરાને કેવી રીતે તોડવું.

કલ્પનાની દ્રષ્ટિએ આ ગાંડી રમૂજ હશે, પરંતુ હકીકતની દ્રષ્ટિએ આ માત્ર ગાંડપણ છે.

આ બધું આઘાતજનક ભલે હોય, આશ્ચર્યજનક ન હોવું જોઈએ. 'ઓછામાં ઓછી સરકાર, મહત્તમ શાસન'ના સૂત્રને સ્વીકારી લેનારાઓએ પણ હવે સમજી લીધું હોવું જોઈએ. હકીકતમાં વાત મહત્તમ સ્નાયુબળવાળી સરકાર અને મહત્તમ બિહામણા શાસનની છે. ચિંતાની વાત હોય તો એ કે આમ સામાન્ય રીતે સ્પષ્ટવક્તા થતા ઘણા લોકોનું એક ઈરાદાપૂર્વકનું મૌન, જે લોકો આમ તો ક્યારેય સત્તાની તરફેણમાં ઊભા થઈ જવાનું, કે આવા તમામ કાયદાઓની વાહવાહી કરવાનું ચૂકતા નથી. તમને લાગે કે તેઓ આ રોજિંદા લોકશાહી પર થતા આ પ્રહારોની નિંદા કરશે.

કેન્દ્રીય મંત્રીમંડળના દરેક સદસ્યને જાણ છે કે હાલમાં ચાલી રહેલા ખેડૂતોના વિરોધ પ્રદર્શનના નિરાકરણના રસ્તામાં વચ્ચોવચ કોણ આડું આવે છે.

તેઓ જાણે છે કે ત્રણ કાયદાઓ અંગે ક્યારેય પણ ખેડૂતો સાથે કોઈ સલાહ-મશવરા કરવામાં આવ્યા નહોતા - જોકે ખેડૂતો જ્યારથી એમને ખબર પડી કે આવા વટહુકમો જાહેર કરાયા છે ત્યારથી વાટાઘાટ માટેની માંગણી કરી રહ્યા હતા.

કૃષિ એ બંધારણ મુજબ રાજ્ય સરકારના લિસ્ટમાં આવતો વિષય હોવા છતાં રાજ્યો સાથે પણ આ ત્રણ કાયદાઓ ઘડવાના સંદર્ભમાં કોઈ સલાહ-મસલત કરવામાં આવી નહોતી. નહોતી કરવામાં આવી ચર્ચા વિરોધપક્ષો સાથે, ન તો લોકસભામાં.

ભાજપના નેતાઓ અને કેન્દ્રીય મંત્રીમંડળના સભ્યો જાણે છે કે ત્યાં કોઈ સલાહ-મંત્રણા કરવામાં આવી નહોતી- કારણ કે તેઓની સલાહ ક્યારેય લેવામાં આવતી જ નથી. ન તો આ કે ના મોટાભાગના કોઈ બીજા કોઈપણ નિર્ણાયક મુદ્દાઓ પર. એમનું કામ છે માત્ર સમુદ્રના મોજાંને તેમના નેતાના આદેશ મુજબ પાછા વાળવાનું.

અત્યાર સુધી મોજાં દરબારીઓ કરતાં વધારે સારું કામ કરતાં હોય તેવું લાગે છે. ઉત્તર પ્રદેશમાં મોટું વિરોધ પ્રદર્શન. આજે પશ્ચિમ ઉત્તરપ્રદેશના રાકેશ ટિકૈત સરકારે એમને મહાત કરવાનો પ્રયાસ કર્યો ત્યારે હતા તેથી કંઈક વધુ પ્રભાવી ખેડૂત નેતા છે. ૨૫મી જાન્યુઆરીએ મહારાષ્ટ્રમાં ખૂબ મોટા પાયા પર ખેડૂતોનું વિરોધ પ્રદર્શન થયું. રાજસ્થાન, કર્ણાટક -- જેમાં ટ્રેક્ટર રેલીને બેંગ્લોરમાં પ્રવેશતા રોકવામાં આવી - , આંધ્રપ્રદેશ, અને બીજી ઘણી જગ્યાએ પ્રદર્શનો થયાં. હરિયાણામાં, સરકાર એવા રાજ્યમાં કાર્ય કરવા માટે સંઘર્ષ કરે છે કે જ્યાં મુખ્યમંત્રી જાહેર સભાઓમાં ભાગ લેવા અસમર્થ હોય એમ લાગે છે.

પંજાબમાં, લગભગ દરેક ઘર આંદોલનકારીઓ સાથે સહાનુભૂતિમાં છે - ઘણા લોકો આંદોલનમાં જોડાવા માટે ઉત્સુક છે , કેટલાક પહેલેથી જ જોડાયેલા છે. ૧૪મી ફેબ્રુઆરીએ યોજાનારી શહેરની સ્થાનિક ચૂંટણીમાં ઉભા રહેવા માટે ઉમેદવારો શોધતાં ભાજપને નાકે દમ આવી ગયો. જે કોઈ - જૂના વિશ્વાસુ - છે તે તેમની પોતાની પાર્ટીનું નિશાન વાપરતાં વિચાર કરે છે. દરમિયાનમાં રાજ્યમાં યુવાનોની એક આખેઆખી પેઢી એમનાથી વિખૂટી થઇ ગઈ છે, જેની ભવિષ્ય પર ઘણી ગંભીર અસર થાય એમ છે.

આ સરકારની આ એક આશ્ચર્યજનક સિધ્ધિ છે કે તેણે સમાજના એવા વિશાળ અને અસંભવિત વર્ગો કે જે પરંપરાગત રીતે એકબીજાના વિરોધી રહ્યા છે જેવા કે ખેડૂતો અને વચેટિયાઓ (કમિશન એજન્ટો)ને એક તરફ સંગઠિત કરીને મૂક્યાં છે. તે ઉપરાંત, એમણે શીખ, હિન્દુ, મુસ્લિમ, જાટ અને બિન-જાટ, તેમજ ખાપ અને ખાન માર્કેટની ભીડને પણ એકજૂથ કરી આપી છે... કેવું અસરકારક!

પરંતુ હવે જે અવાજો શાંત થઇ ગયા છે એમણે જ બે મહિના આપણને ખાતરી આપવામાં વિતાવ્યા કે આ બધી વાત માત્ર પંજાબ અને હરિયાણાને લાગુ પડે છે. બીજા કોઈને આની અસર થઇ જ નથી. એટલે આ વાત જ મહત્ત્વની નથી.

રમૂજની વાત છે. છેલ્લે એક ઉચ્ચતમ અદાલતે નહિ નીમેલી એવી સમિતિના ઠરાવ મુજબ પંજાબ અને હરિયાણા બંને અખંડ ભારતનો હિસ્સો હતાં. એટલે તમે તો એમ જ માનો ને કે ત્યાં જે કંઈ પણ થાય એની સાથે આપણે નિસબત જરૂર હોય.

પેલા એક સમયના સ્પષ્ટ અવાજોએ આપણને કહેલું --અને હજુ કહે છે થોડા ધીમા સ્વરે -- કે આ બધા પૈસાવાળા ખેડૂતો છે જે સુધારાઓનો વિરોધ કરે છે.

ખૂબ સુંદર. એનએસએસના છેલ્લા સર્વે મુજબ પંજાબના ખેડૂત કુટુંબની સરેરાશ માસિક આવક રૂ. ૧૮,૦૫૯ છે. ખેડૂત કુટુંબના સભ્યોની સરેરાશ સંખ્યા ૫.૨૪ છે. અને તેથી માસિક માથાદીઠ આવક લગભગ રૂ. ૩,૪૫૦ છે. જે સંગઠિત ક્ષેત્રના સૌથી ઓછું વેતન મેળવતા કર્મચારીના પગાર કરતા પણ ઓછું છે.

આહા! કેટલી સંપત્તિ. આપણને તો આમાંથી અડધી ય જાણ નહોતી. સરખામણી કરો હરિયાણાની તો સરેરાશ માસિક આવકની રકમ થાય છે

(ખેડૂત કુટુંબ દીઠ ૯.૯ વ્યક્તિઓ ) રૂ. ૧૪,૪૩૪ અને માથાદીઠ આશરે રૂ. ૨,૪૫૦. આ અગાધ આંકડા ચોક્કસ એમને અન્ય ભારતીય ખેડૂતોની સરખામણીમાં આગળ રાખે છે. જેમ કે, ગુજરાતના ખેડૂતો જેમની આવક ખેડૂત કુટુંબદીઠ સરેરાશ માસિક છે રૂ. ૭,૯૨૬. ખેડૂત કુટુંબમાં સભ્યોની સંખ્યા સરેરાશ ૫.૨ મુજબ માસિક માથાદીઠ આવક રૂ. ૧,૫૨૪ થાય છે.

ભારતમાં ખેડૂત કુટુંબોની સરેરાશ માસિક આવક છે રૂ. ૬,૪૨૬ (માથાદીઠ આશરે રૂ. ૧,૩૦૦). અને આ તમામ સરેરાશ માસિક આંકડાઓમાં આવકના બધા સ્રોતની ગણના કરાઈ છે. જે આવક માત્ર ખેતીથી જ નહીં, પશુધન, બિનખેતીનો વ્યવસાય અને વેતન અને પગારથી પણ થાય છે.

રાષ્ટ્રીય નમૂના સર્વેક્ષણ ૭૦ 'ભારતનાં કૃષિ કુટુંબોની પરિસ્થિતિના મુખ્ય સૂચક' (૨૦૧૩)માં જણાવ્યા મુજબની આ ભારતીય ખેડૂતની સ્થિતિ છે. એ પણ યાદ રહે કે આ ખેડૂતોની આવક આગામી ૧૨ મહિનામાં - ૨૦૨૨ સુધીમાં બમણી કરવાનો વાયદો સરકારે કરેલો છે. આ કામ આમેય અઘરું છે ને એમાં વળી વધારે હેરાન કરે છે રિહાના અને થનબર્ગ્સની વિક્ષેપજનક દખલઅંદાજી.

અરે, આ દિલ્હીની સરહદ પરના શ્રીમંત ખેડૂતો, જે ૨ ડિગ્રી સેલ્સિયસ અથવા તેથી ઓછા તાપમાનમાં ધાતુની ટ્રોલીમાં સૂએ છે, ૫ થી ૬ ડિગ્રી ટાઢમાં ખુલ્લામાં સ્નાન કરે છે - તેમણે તો ભારતીય શ્રીમંત વર્ગ માટે મારી સરાહનામાં વધારો કર્યો છે. એ વર્ગ આપણે ધાર્યા કરતાં ઘણો મહેનતુ નીકળ્યો.

તે દરમિયાન, સુપ્રીમ કોર્ટ દ્વારા ખેડૂતો સાથે વાત કરવા નિમાયેલી કમિટી અંદરોઅંદર જ સુસંગત રીતે વાત કરવામાં અસમર્થ જણાઈ રહી છે - તેના ચાર સભ્યોમાંથી એક સભ્યએ તો કમિટીની પહેલી બેઠક પહેલાં જ પદ છોડ્યું છે. અને વિરોધ પ્રદર્શન કરી રહેલા લોકો સાથેની વાતનો પ્રશ્ન છે, એની તો શરૂઆત પણ નથી થઈ.

૧૨ માર્ચે સુપ્રીમ કોર્ટ દ્વારા નિયુક્ત સમિતિએ એને આદેશ મુજબ ફાળવવામાં આવેલા બે મહિના (કૃષિ માટેના નિર્ણાયક જંતુ પરાગ રજકોના મહત્તમ જીવનકાળ જેટલો સમય) પૂરા કરી દીધા હશે. ત્યારબાદ સમિતિ પાસે તેઓએ જેમની સાથે વાત ના કરી હોય એવા લોકોની લાંબી સૂચિ હશે અને એનાથી ય લાંબી સૂચિ હશે એવા લોકોની જેમણે તેમની સાથે વાત કરવાની મનાઈ કરી દીધી. અને કદાચ એક ટૂંકી સૂચિ એવા લોકોની ય હશે જેમની સાથે એમને ક્યારેય વાત કરવા જેવી જ નહોતી.

વિરોધ કરી રહેલા ખેડૂતોને પજવવાના અને ધમકાવવાના તમામ પ્રયત્નો એમની વધતી જતી સંખ્યાને રોકી શક્યા નથી. એમને બદનામ કરવાના તમામ પ્રયત્નો એ સત્તાના કેદી એવા મીડિયા માટે આકર્ષણરૂપ બન્યા છે -- પણ મેદાનમાં પરિસ્થિતિ કંઈ ઊલટી જ જોવા મળે છે. સૌથી વધુ ખતરનાક વસ્તુ તો એ છે કે આ બધાથી આ સરકારના વધતા જતા ઘાતકી, ક્રૂર, અને સરમુખત્યારશાહી વલણમાં જરાય ફેર પાડવાનો નથી.

ભારતમાં ખેડૂત કુટુંબોની સરેરાશ માસિક આવક છે રૂ. ૬,૪૨૬ (માથાદીઠ આશરે રૂ. ૧,૩૦૦). અને આ તમામ સરેરાશ માસિક આંકડાઓમાં આવકના બધા સ્રોતની ગણના કરાઈ છે. જે આવક માત્ર ખેતીથી જ નહીં, પશુધન, બિનખેતીનો વ્યવસાય અને વેતન અને પગારથી પણ થાય છે.

કોર્પોરેટ મીડિયામાં ઘણા જાણે છે, અને ભાજપામાં ઘણા એનાથી વધુ સારી રીતે જાણે છે કે આ વિવાદમાં જો પાર ના કરી શકાય એવો કોઈ અવરોધ હોય તો એ નથી નીતિ, કે નથી શ્રીમંત કોર્પોરેશનને આપેલાં વચનો (એ વચનો પાળવાના દિવસો પણ આવશે), કે નથી એ પેલા કાયદાઓની પવિત્રતા (જે સરકારના પોતાના જણાવ્યા પ્રમાણે ઘણા સુધારા માંગે છે), પરંતુ એ છે વ્યક્તિગત અહંકાર. ફક્ત એ કે રાજા કોઈ દિવસ કંઈ ભૂલ ના કરે. અને ભૂલને સ્વીકારવી અને એથી ય ખરાબ એને સુધારવી -- એવો તો વિચાર પણ ના થાય. પછી ભલે દેશનો દરેક ખેડૂત વિમુખ થઈ જાય; નેતા ખોટો ના કોઈ શકે, નેતા ભોંઠો ના પડી શકે. મોટા દૈનિકોના એક પણ સંપાદકીયમાં કોઈને આ વિષે હરફ સુદ્ધાં ઉચ્ચારતાં મેં જોયાં નથી, જોકે સૌ જાણે છે કે સચ્ચાઈ શું છે.

આ ગડબડીમાં અહંકાર કેટલો મહત્ત્વપૂર્ણ છે? વિચાર કરો ઈન્ટરનેટ શટડાઉન પર રિધમ એન્ડ બ્લૂઝના ગાયક દ્વારા કરવામાં આવેલ સીધાસાદા ટ્વિટઃ આપણે આ બાબતે કેમ ચૂપ છીએ? ને મળેલા પ્રતિભાવ વિષે. જયારે આને લગતો વિવાદ 'અરે-રિહાન્નાં-કરતા-વધુ-ફોલોઅર્સ-તો-ટ્વીટર-પર-મોદી-પાસે-છે' પર ઊતરી આવે ત્યારે સમજવાનું કે આપણે હારી ગયા. ખરેખર તો આપણે ત્યારે જ હારી ગયા જ્યારે વિદેશ મંત્રાલયે કામિકેઝ જેવા આત્મઘાતી હુમલાનું નેતૃત્વ આતંકવાદ વિરોધી વીરતાની વાતો કરીને કર્યું. જેનાથી પ્રેરાઈને દેશભક્ત સેલિબ્રિટીઓનું હયદળ પોતાનો સાયબર હુમલો કરવા નીકળી પડ્યું. (વિનાશની ડિજિટલ ખાઈએ કૂદ્યા, ટ્વિટો ગરજ્યાં, વરસ્યાં, વણથંભ્યા વધતાં અંધારા સામે, સેંકડો કુલીન સવારો કૂદ્યા).

'આપણે આ બાબતે કેમ ચૂપ છીએ' એમ કહી આશ્ચર્ય વર્તાવતા મૂળ વાંધાજનક ટ્વિટમાં, કોઈ સ્પષ્ટ વલણ નહોતું, ના કોઈની તરફેણ કરાઈ હતી - આઈએમએફના મુખ્ય અર્થશાસ્ત્રી અને સંદેશાવ્યવહારના નિયામકનાં નિવેદનો, જેમાં તેમણે બંને કૃષિ કાયદાઓની જાહેર પ્રશંસા કરી છે ('સાવધાની રાખવાના ઉપાયો' વિષે 'ચેતવણીઓ ઉમેરીને -- જેમ નિકોટિન વેચતા ફેરિયાઓ સંપૂર્ણ પ્રામાણિકતા સાથે કાનૂની ચેતવણી તેમના સિગારેટ પેક પર છાપે એમ) કરતાં એ ટ્વીટ ઘણું વિપરીત હતું.

ના હીં, આ આર એન્ડ બી કલાકાર અને ૧૮ વરસની કલાઈમેટ એક્ટિવિસ્ટ ખરેખર ખતરનાક છે, અને એમની સાથે સખત હાથે અને કોઈ દયાભાવ વિના વર્તવું રહ્યું. દિલ્હી પોલીસ એમાં કાર્યરત છે એ આશ્વાસનરૂપ છે. અને જો એમને આનાથી આગળ વધીને આમાં કોઈ પૃથ્વી બહારની કોઈ દુનિયાનું ષડયંત્ર મળી આવે -- આજે વૈશ્વિક તો કાલે આ વાર્તાનું કોઈ ઈતર વૈશ્વિક પાસું મળી આવે - તો હું તેમની ઠેકડી કરવાવાળાઓમાં નહીં હોઉં. આજકાલ ઈન્ટરનેટ પર વહેતું થયેલું મને ખૂબ ગમતું વાક્ય કહે છે એમઃ "આ પૃથ્વી સિવાય પણ બીજી કોઈ દુનિયાનું અસ્તિત્વ છે એનો જો તમને પુરાવો જોઈતો હોય તો એ છે કે તેઓએ અમને એકલા છોડી દીધા છે."

અનુ. **પ્રતિષ્ઠા પંડ્યા**

આ લેખ પ્રથમ વખત 'ધ વાયર' માં પ્રકાશિત થયો હતો.

## મુક્તક / કૃષ્ણાદિત્ય

સત સ્મારકમાં સમાય છે
ત્યારે યુગપરિવર્તનનો પગરવ સંભળાય છે.

# ગરીબડી ગાયનું કામધેનુકરણ કોના લાભ માટે ? / ચંદુ મહેરિયા

ગવર્નર વજુભાઈ વાળાએ “કર્ણાટક પશુવધ અટકાવ અને સંરક્ષણ વિધેયક,૨૦૨૦” ને મંજૂરી આપતાં ગોહત્યા પ્રતિબંધનો કાયદો ઘડનારાં રાજ્યોમાં એક વધુનો ઉમેરો થયો છે. કર્ણાટક હવે દેશના ગો અને ગોવંશ હત્યા પર પૂર્ણ કે અંશતઃ પ્રતિબંધના કાયદા ઘડનારાં રાજ્યોમાં સામેલ થઈ ગયું છે. કેરળ, પશ્ચિમ બંગાળ અને પૂર્વોત્તરનાં થોડાં રાજ્યોમાં હજુ ગોહત્યા પ્રતિબંધિત નથી. ૨૦૧૯માં રચાયેલા “રાષ્ટ્રીય કામધેનુ આયોગ”નું મુખ્ય કાર્ય તો “ગાયોના સંરક્ષણ અને સંવર્ધન”નું છે. પરંતુ તેણે કામધેનુ ગૌવિજ્ઞાન પ્રચાર પ્રસાર માટે ઑનલાઈન પરીક્ષાનું આયોજન કર્યું હતું. આ માટે દેશભરમાંથી આશરે પાંચ લાખ વિદ્યાર્થીઓએ રજિસ્ટ્રેશન કરાવ્યું હતું. આયોગે પરીક્ષા માટે જાહેર કરેલ મટીરિયલ ગાય અંગે અવૈજ્ઞાનિક માહિતી અને અંધવિશ્વાસ ફેલાવનારું હોવાના જાહેર ઊહાપોહ પછી હવે તે પરીક્ષા સ્થગિત કરવામાં આવી છે. ગરીબડી ગણાતી ગાયના કામધેનુકરણ અને સંકીર્ણ રાજકીય ઉપયોગના આ તાજેતરનાં ઉદાહરણો છે.

ભારતીય બંધારણના રાજનીતિના માર્ગદર્શક સિધ્ધાંતો અંતર્ગત અનુચ્છેદ ૪૮માં, “કૃષિ અને પશુપાલન સંગઠન”સંબંધી જોગવાઈઓ છે. ૧૯૭૬માં બેતાળીસમા બંધારણ સુધારા મારફત તેમાં અનુચ્છેદ-૪૮-એ જોડી, “પર્યાવરણનું સંરક્ષણ તથા સંવર્ધન અને વન તથા વન્ય જીવોનું રક્ષણ”ની જોગવાઈઓ ઉમેરવામાં આવી હતી. બંધારણના ઘડવૈયાઓએ ભારતીય સમાજની, ખાસ તો હિંદુ સવર્ણ સમાજની,ગાયને પવિત્ર અને પૂજ્ય માનવાની લાગણી તથા કૃષિઅર્થતંત્રમાં ગાયની ઉપયોગિતા પ્રમાણીને ગાયો અને ગોવંશની કતલ પર પ્રતિબંધ ફરમાવતી જોગવાઈ કરી હતી. કેટલાંક રાજ્યોએ તે જોગવાઈઓને અનુલક્ષીને કાયદાઓ ઘડ્યા છે. ૨૦૦૫માં સર્વોચ્ચ અદાલતે ગોહત્યા સંબંધી કાયદાઓને બંધારણીય ઠેરવ્યા હતા.

પરંતુ ગોવંશહત્યા પ્રતિબંધ અંગેની બંધારણીય જોગવાઈઓનો આપણી કેન્દ્ર કે રાજ્યોની તમામ પક્ષોની સરકારો, સીમિત અને સંકુચિત ઉપયોગ કરે છે.સંવિધાનના અનુચ્છેદ ૪૮માં, “રાજ્ય કૃષિ અને પશુપાલનને આધુનિક અને વૈજ્ઞાનિક પધ્ધતિઓથી એકત્ર કરશે “ અને “ગાય-વાછરડાં તથા દૂધાળાં અને પાલક પ્રાણીઓની જાતિમાં સુધારા માટે પ્રયાસ કરશે” તે જોગવાઈનો છેદ ઉડાડી સરકારો અનુચ્છેદના અંતિમ શબ્દો, “હત્યા પર પ્રતિબંધ”ને જ મહત્ત્વ આપી તેવા કાયદા ઘડી રહી છે.ગોવંશહત્યા પર પ્રતિબંધ અને તેની સુધારણા તરફના આંખમિચામણાંથી જે અસંતુલન ઊભું થશે તે અંગે ઝાઝું વિચારાતું નથી.

આઝાદી સમયે દેશની ૩૫ કરોડની વસ્તી સામે ૨૧ કરોડ ગોવંશ હતો. ૨૦૧૬માં ૧૨૪ કરોડની જનસંખ્યા સામે ગોવંશ ઘટીને ૧૦ કરોડ થઈ ગયો હતો. ગોવંશહત્યા પ્રતિબંધના કાયદા પૂર્વે ઉત્તરપ્રદેશમાં સૌથી વધુ ગૌવંશના પ્રાણીઓ હતા જે હવે રહ્યા નથી. જ્યાં ગોવંશ હત્યા પ્રતિબંધનો કાયદો નથી અને મર્યાદિત અને જરૂરિયાત મુજબ ગોવંશની કતલ થાય છે તેવા પશ્ચિમબંગાળમાં, ગોવંશનાં પ્રાણીઓ સૌથી વધુ છે. આમ થવાનું કારણ એ છે કે ગાયો લાંબો સમય દૂધ આપતી ન હોઈ પશુપાલકને તે કાયમ પરવડતી નથી. એને પાળી પણ ન શકાય અને મારી પણ ન શકાય એ સ્થિતિમાં લોકો ગાયો ઓછી પાળે છે કે બિનઉપયોગી બનતાં રઝળતી કરી દે છે. તેથી દેશમાં આવારા ગાયોની સંખ્યા વધી રહી હોવાના અને તે જાહેર રસ્તે રઝળતી હોવાના, કચરો કે પ્લાસ્ટિક ખાઈને મરવાના વાંકે જીવતી હોવાના, પણ દાખલા જોવા મળે છે.

યુ.પી.ના બુંદેલખંડ વિસ્તારના ચિત્રકુટમાં ૨૦૦૭માં ૨૮,૩૪૩ આવારા ગોવંશ હતું, તે ૨૦૧૨માં વધીને ૭૪,૭૧૩ અને ૨૦૧૭માં ૨,૧૩, ૬૫૮ થયું છે. બિનઉપયોગી અને ૧૩ વરસથી વધુ વયના ગોવંશની કતલની છૂટ ન હોય તે રાજ્યોમાં કેવું અસંતુલન ઊભું થઈ શકે છે તેની ઝલક આ આંકડાઓ દર્શાવે છે.પરંતુ ગાયનું રાજકારણ એવું હાવી છે કે તે વાસ્તવિકતાનો સામનો કરવા તૈયાર નથી. બંધારણમાં ગોવંશકતલ પ્રતિબંધની જોગવાઈ ખેતીમાં તેની ઉપયોગિતાને અનુલક્ષીને કરવામાં આવી છે. આજે ખેતીમાં ટ્રેક્ટર અને અન્ય યંત્રોનો ઉપયોગ વધતાં બળદની અલ્પઉપયોગિતા છે, પરંતુ ધાર્મિક લાગણીના જોરે મૂળ બંધારણીય ભાવનાને કોરાણે મૂકવામાં આવે છે. આવા કાયદા પર્યાવરણ અને આરોગ્યને નુકસાનકર્તા ન બની રહે તે વિષે પણ પૂરતી તકેદારી લેવાતી નથી.

મધ્યપ્રદેશની બીજેપી સરકારે રાજ્યના પશુપાલન, વન, પંચાયત, મહેસૂલ, ગ્રામીણ વિકાસ, ગૃહ અને કિસાન કલ્યાણ વિભાગોના મંત્રીની બનેલી ગો કેબિનેટ બોલાવી હતી અને આ તમામ વિભાગોને સાંકળીને અલગ ગો-મંત્રાલય બનાવ્યું છે. “પહેલો રોટલો ગાયને”ની ધાર્મિક માન્યતાની રોકડી કરીને મધ્યપ્રદેશના મુખ્યમંત્રીએ લોકોને ગોગ્રાસ રૂપે ગોકલ્યાણ કર માટે તૈયાર કરી દીધા છે. ગોઅભયારણ્ય પણ ખુલ્લું મૂક્યું છે. આ બધું કરતાં રાજકારણીઓ રાજ્યમાં અને દેશમાં ગોચર જમીનો કેમ ઘટી ગઈ તેવા સવાલના જવાબમાં મૌન ધરે છે. યુ.પી. સરકારે અગિયાર કુપોષિત પરિવારોને ગાયનું દાન કરી કુપોષણ નાબૂદીમાં ગાયનું મહત્ત્વ દર્શાવવા પ્રયત્ન કર્યો છે. તેઓ પણ કુપોષણ નાબૂદીનું સાધન એવી ગાયો જ સૌથી વધુ કુપોષિત છે તે વાત ગુપચાવી દે છે. ભારત દુનિયાનો સૌથી મોટો દૂધ ઉત્પાદક દેશ છે પરંતુ પ્રતિવ્યક્તિ દૂધ ઉપલબ્ધતામાં આપણે બહુ પાછળ છીએ તે હકીકત સ્વીકારવી પડશે.

ભારતમાં ગોસંવર્ધનની જવાબદારી રાષ્ટ્રીય કામધેનુ આયોગ જેવી સરકારી સંસ્થાની છે. ભારતની ગાય રોજનું સરેરાશ આઠથી દસ લીટર દૂધ આપે છે તેના કરતાં દુનિયાની સરેરાશ દસ ગણી વધારે છે.પરંતુ તે દિશામાં પ્રયત્નો કરવાને બદલે દેશી ગાય સંકર ગાય કરતાં વધુ સ્વચ્છ, પવિત્ર અને ઉત્તમ હોવાના ગાણાં ગવાય છે.દેશી ગાયના દૂધમાં સોનાના કણો હોવાની, ગાયનું દૂધ માનવીને પરમાણુ વિકિરણથી બચાવતું હોવાની અને ગાયના છાણથી લીંપેલા ઘરોને ભોપાલ ગેસ કાંડની અસર થઈ નહોતી તેવી વૈજ્ઞાનિક તથ્યોનો છેદ ઉડાડનારી વાતો ફેલાવાય છે.

ગૌવંશહત્યા પ્રતિબંધના કેન્દ્રીય કાનૂનની ગેરહાજરીમાં રાજ્યો તેમના રાજકીય લાભાલાભને ધ્યાનમાં રાખીને વિવિધ સજાની કાયદાકીય જોગવાઈઓ કરે છે. આખા દેશના કોઈ રાજ્યે ન કરી હોય તેવી આજીવન કારાવાસની સજા ગુજરાતના કાયદામાં છે. ઉત્તરપ્રદેશ અને ઉત્તરાખંડના કાયદાઓમાં દોષિતોને ૭ વરસની, ઝારખંડમાં ૧થી ૧૦ વરસની, હરિયાણામાં ૩થી ૫ વરસની, ગોવા-પંજાબમાં બે-બે વરસની, તો મહારાષ્ટ્ર, મધ્યપ્રદેશ અને દિલ્હીમાં એક-એક વરસની ગોવંશની ગેરકાયદે હેરફેર, હત્યા અને હત્યાના પ્રયાસના ગુનાની સજા ઠરાવી છે. તાજેતરના કર્ણાટકના કાયદામાં ૧૩ વરસથી વધુના ગોવંશની કતલની છૂટ અને

આરોપીઓને સજા માટે વિશેષ અદાલતોની રચનાની જોગવાઈ છે. આ બધાં જ રાજ્યો ગાય અને ગોવંશની ઉચિત દેખભાળ, સંવર્ધન, અને સરકારી ગોશાળાઓની રચના કે ખાનગી ગોશાળાઓને પૂરતા અનુદાનની જોગવાઈ કરતા કાયદા કરવાને બદલે રાજકીય લાભને ધ્યાનમાં રાખીને ગોવંશહત્યા પ્રતિબંધના કાયદા જ વધુ કરે છે.

પ્રાચીનકાળમાં ગોમાંસ બ્રાહ્મણો સહિતની હિંદુસ્તાની પ્રજાનો સામાન્ય આહાર હતો. વેદો અને શાસ્ત્રોના અઠંગ અભ્યાસી વિવેકાનંદના ભાષણો અને પત્રોના પુસ્તકોમાંથી પણ આ બાબત જાણી શકાય છે. ડૉ. બાબાસાહેબ આંબેડકરના ગ્રંથ "ધ અનટચેબલ્સઃ હુ વેર ધે એન્ડ વ્હાય ધે બીકેમ અનટચેબલ્સ"માં હિંદુ ધર્મ શાસ્ત્રોના આધારે સ્પષ્ટ જણાવાયું છે કે ગોમાંસ ખાવા ન ખાવા સાથે વર્ણવ્યવસ્થાજનિત આભડછેટ અને પવિત્રતાનો ખ્યાલ ઉમેરાતાં ગોમાંસ ખાતી પ્રજા શૂદ્ર કે અવર્ણ ગણાતી થઈ હતી. આજે પણ ભારતની બહુમતી વસ્તી માંસાહારી છે જેમાં મુસ્લિમો અને ખ્રિસ્તીઓ ઉપરાંત હિંદુ દલિતો, આદિવાસીઓ અને અન્ય પછાતોનો સમાવેશ થાય છે. એક અંદાજ મુજબ દેશનો દર તેરમો નાગરિક બીફ કહેતાં ગાય-ભેંસનું માંસ ખાય છે. તો બીજી તરફ માંસાહારીને હલકા, નીચા અને ઊતરતા દરજ્જાના ગણવાની વ્યાપક માનસિકતા પ્રવર્તે છે.

ભારતના રાજકારણમાં ગાયનું રાજકીયકરણ કે કામધેનુકરણ કેટલાક રાજકીય પક્ષોને બરાબર ફળ્યું છે. ગાય અને ગોમાંસને હિંદુ વિરુધ્ધ મુસ્લિમનો મુદ્દો બનાવવામાં આવ્યો છે. ગાયના મુદ્દે દેશમાં હિંસાના બનાવો પણ બન્યા છે. ૨૦૧૦થી ૨૦૧૮ સુધીમાં ગાયના મુદ્દે હિંસાના ૮૫ મોટા બનાવો નોંધાયા છે. ૨૦૧૨ અને ૨૦૧૩માં એક-એક બનાવ બન્યો હતો. પરંતુ કેન્દ્રમાં બીજેપી સત્તાનશીન થયા પછી તેમાં મોટો ઉછાળો આવ્યો છે. ૨૦૧૪ પછી ગાયના નામે હિંસાના બનાવો અગાઉના વરસોની તુલનામાં ૯૮ ટકા વધ્યા છે. ગાયના નામે આચરાયેલી ભીડ હિંસાનો ભોગ બનનારાઓમાં મુસ્લિમોનું પ્રમાણ ૫૬ ટકા અને મરનારમાં ૮૮ ટકા છે.જોકે ગાયની હત્યા હવે માત્ર મુસ્લિમોની હત્યા કે કોમી હુલ્લડોનું કારણ રહી નથી. ઉના, ઝજ્જર અને ગોહાનાના બનાવોથી તેમાં દલિત ઉત્પીડનનું તત્ત્વ પણ ઉમેરાયું છે.

"પિંક રેવોલ્યુશન"ની વાતો કરીને મતોની ફસલ લણ્યા પછી સત્તા મળતાં બજેટમાં માંસ નિકાસ પરની સબસિડી ન માત્ર ચાલુ રાખવામાં આવે છે, વધારવામાં પણ આવે છે. આજે ભારત દુનિયામાં માંસની નિકાસમાં અવ્વલ સ્થાને છે. ગાયના નામે રાજકારણ રમવું એ એકલા ભારતીય જનતા પક્ષનો ઈજારો રહ્યો નથી. ગુજરાતના ૧૯૯૪ના ગોવંશ પ્રતિબંધ કાયદાને ૨૦૦૫માં સર્વોચ્ચ અદાલતે બંધારણીય ઠેરવ્યો ત્યારે બીજેપી તેને પોતાનો હિંદુ વિજય ગણાવી યશ ખાટી રહી હતી. તો કોંગ્રેસ પણ "આ કાયદો તો અમે ઘડ્યો છે ", તેમ કહેવામાં અગ્રેસર હતી.

ગોરક્ષાને હિંદુ ધર્મનું સર્વોત્તમ અંગ માનતા મહાત્મા ગાંધી "ગો'નો અર્થ કેવળ ગાય જ ન કરતાં નિરાધાર, દલિત અને ગરીબ સુધી વિસ્તારે છે. ગાંધીજી માણસનો જીવ બચાવવા ગાયની હિંસાને ધિક્કારે છે, તો ગાય માટે મનુષ્યહિંસા પણ નકારે છે. ઈ.સ. ૧૯૨૫માં ગાંધીજીએ કહ્યું હતું, "હિંદુમાત્ર ગોરક્ષાનું અર્થશાસ્ત્ર સમજી લે તો ગોહત્યા બંધ થઈ જાય." ગાંધીજીની આ વાતને હવે સદી થવા આવશે. ભારતના રાજકીય પક્ષો ગોરક્ષાના અર્થશાસ્ત્રની તમા રાખ્યા વિના તેનું રાજકારણ બરાબર રમે છે.

## પેટ નથી ભરાતું! / બ્રિજેશ પંચાલ

પુસ્તક વાંચીને-
પેટ નથી ભરાતું!
કવિતા લખીને-
પેટ નથી ભરાતું!
વાર્તા ઘડીને-
પેટ નથી ભરાતું!
નાટકનો અભિન્ન અંગ બનીને-
પેટ નથી ભરાતું!
પ્રેમ કરીને, મેળવીને-
પેટ નથી ભરાતું!
કોઈની માટે રડીને, હસીને-
પેટ નથી ભરાતું!
કોઈને યાદ કરીને-
પેટ નથી ભરાતું!
કોઈને બહુ દિવસે મળીને-
પેટ નથી ભરાતું!
મળીને છૂટા પડીને-
પેટ નથી ભરાતું!
સાથે બેસીને-
પેટ નથી ભરાતું!
એકલા ચાલીને-
પેટ નથી ભરાતું!
ચાલ્યા પછી થોભીને-
પેટ નથી ભરાતું!
થોભ્યા પછી કશું શોધીને-
પેટ નથી ભરાતું!
તમે પેટ ભરાઇ ગયું, કોને કહો છો?
ખાવાથી ભરાય કે પીવાથી ભરાય એને?
કે પછી...
બાજુના ઘરમાં કોઈ ભૂખ્યું હોય અને
તમારા ગળેથી કોળિયો
નીચે ના ઊતરે-
એને!

Email: panchalbrijesh02@gmail.com

# ભગતસિંહ / પ્રકાશ ન. શાહ

તેવીસમી માર્ચે (મંગળવારે) બરાબર નેવું વરસ થયાં ભગતસિંહની શહાદતને. જેમ જેમ વરસો વીતતાં જાય છે, એમનાં બલિદાની જીવનની પૂંઠે રહેલી કાલજયી અપીલ ખીલતી આવે છે. માનવમુક્તિ માટે શાહીવાદ સામેના સંઘર્ષની એમની અપીલ વિભાજનગત સરહદોને લાંઘીને બરકરાર છે. લાહોરમાં રાશિદ કુરૈશીના વડપણ હેઠળ ભગતસિંહ મેમોરિયલ ફાઉન્ડેશન કાર્યરત છે, અને કોરોનાના કેર વચ્ચે માર્ગદર્શક નિયમો પાળીને ઓણ પણ જાહેર ઉજવણી થવી જોઈએ એ માટે એમણે અદાલતનાં દ્વાર ખટખટાવ્યાં હતાં.

તાજેતરનાં વરસોમાં ભગતસિંહની ફાંસી બાબતે એક પાયાનો સવાલ પણ, કાનૂની છેડેથી ઉપસ્થિત કરાયો છે અને બ્રિટિશ સરકારે ફરમાવેલી સજા કાનૂનન હતી કે કેમ એ અંગે બહસ જારી છે. લંડનમાં કાયદાના અધ્યાપક તરીકે તેમ બૅરિસ્ટર તરીકે પણ સક્રિય સત્વિંદરસિંહે 'ધ ઍક્ઝિક્યુશન ઑફ ભગતસિંહ'એ કિતાબમાં આખા પ્રશ્નની પુરાવાબદ્ધ ને તર્કસભર તળેઉપર તપાસ કરી છે. હાર્પર કોલિન્સનું આ પ્રકાશન તેવીસમી માર્ચે જ ભારતમાં પણ શેખર ગુપ્તાના 'ધ પ્રિન્ટ'એ વૈબિક વાટે સૉફ્ટકવરમાં સુલભ થયું છે.

દેશમાં જે સત્તાવાર સ્વરાજ પંચોતેરાં રાગ આલાપાઈ રહ્યો છે એમાં ભગતસિંહનું વિશેષ, સવિશેષ સ્થાન હોય તે સ્વાભાવિક છે; કેમકે, એક તો એમાં ગાંધીના નેતૃત્વ હેઠળની સ્વરાજલડત સામે હિંસક ઉપાયોના મહિમાની સગવડ છે, અને બીજી વાત એ કે ભગતસિંહને ગાંધીએ ન બચાવ્યા એ વિવાદનીયે સગવડ છે. વડાપ્રધાને ૧૨મી માર્ચના આશ્રમ સંબોધનમાં નહેરુપટેલની સાથે એકશ્વાસે સાવરકરને સંભારી પરબારો પ્રવેશ કરાવી દીધો. જોકે આંદામાનોત્તર સાવરકરના જાહેરજીવનમાં સ્વાતંત્ર્યસંગ્રામથી સલામત અંતર સાફ દેખાતું રહ્યું છે. એથી ઊલટું, ભગતસિંહના ડાયરી-દસ્તાવેજો, અદાલતી તકરીર સ્વતંત્રતા માટેના ક્રાંતિકારી રાગાવેશથી અને કેવળ રાષ્ટ્રીય આઝાદીએ નહીં અટકતાં પીડિતશોષિત સૌની સ્વતંત્રતાના ખયાલથી રૂંવેરૂંવે ઉભરાય છે.

જ્યાં સુધી ગાંધીએ ભગતસિંહને બચાવ્યા નહીં બચાવ્યાનો મુદ્દો છે, મારતી કલમે એકબે નોંધલસરકા જ પૂરતા થઈ પડશે. લૉર્ડ ઈરવિનની ડાયરી બોલે છે કે આ ગાંધી, અહિંસામૂર્તિ ગાંધી, ભગતસિંહને ફાંસી નહીં આપવાનો આટલો બધો આગ્રહ કેમ કરે છે તે મને સમજાતું નથી. આંબેડકરે મરાઠી 'જનતા'માં કરેલી એક ટિપ્પણી હમણાં થોડાં વરસ પર જ અંગ્રેજીમાં બહાર આવી છે. ઇંગ્લૅન્ડમાં સત્તારૂઢ સરકાર, દેશના રાષ્ટ્રવાદી લોકમતઉછાળને કારણે નવી ચૂંટણીમાં ભય અનુભવતી હતી. ગાંધીને છોડ્યા અને વધારામાં ભગતસિંહને ફાંસી ન આપી, આ બે વિગતો પોતાની સામે જશે એવું એનું આકલન બલકે ભીતિ હતી. ભગતસિંહ, સુખદેવ અને રાજગુરુને ફાંસી આપીને જ ઇંગ્લેંડની સરકાર પુનઃવિજયની આશા રાખી શકે તેમ હતી. એટલે ભગતસિંહને ફાંસી નહીં એવો નિર્ણય સરકારને આધીન વાઈસરૉય, ઇરવિન લઈ શકે તેમ હતા જ નહીં.

જ્યાં સુધી હિંસા-અહિંસાની વાત છે, ભગતસિંહની ભૂમિકા ઉત્તરોત્તર જે રીતે વિકસતી અને સ્ફુટ થતી ગઈ તે આપણા ખયાલમાં આવવી જોઈશે. તે વખતની નૅશનલ એસેમ્બલીમાં એમણે જે બૉંબકાંડ સરજ્યો એ મૂલતઃ સંહારક વ્યાપ ધરાવતો નહોતો. એ એક હલકુંફૂલકું બૉમ્બડું હતું જેનો વિસ્ફોટ સરવાળે ધ્યાનાકર્ષક પ્રસ્તાવથી આગળ જતો નહોતો. હિંસક ચળવળના નિયમ પ્રમાણે સામાન્ય રીતે આવે પ્રસંગે બૉંબ ફેંકી પલાયન થઈ જવાનું હોય. ભગતસિંહે ભાગવાની તક નહીં ઝડપતાં પકડાવું પસંદ કર્યું; કેમકે કોર્ટમાં કેસ ચાલે અને એના હેવાલો વાટે દેશ આખાને ખબર પડે કે આ ક્રાંતિકારીઓનું ધ્યેય શું છે, દેશ માટેનો એમનો વિચારનકશો શો છે. જેલવાસમાં સતત સ્વાધ્યાય ચાલતો રહ્યો અને એમાંથી મહત્ત્વના વિગતમુદ્દાઓ તેમ જ પોતીકી ટિપ્પણીઓ સાથે નોટબુકો ભરાતી રહી. ચમનલાલ અને બીજાઓએ આ બધી દસ્તાવેજી સામગ્રી એકત્ર કરવા માંડી એને પરિણામે જે ચિત્ર સ્પષ્ટ થયું તે એ કે હિંસાને ખાતર હિંસા કે છૂટપૂટ હિંસા અગર લેનિન જેને 'ઇન્ફન્ટાઇલ ડિસૉર્ડર' કહેતા એવું કશું આ વીરોને અભીષ્ટ નહોતું. સમતા અને ન્યાયને અનુલક્ષીને ચોક્કસ આર્થિક-સામાજિક કાર્યક્રમનો, એ માટે બિનસાંપ્રદાયિક જદ્દોજહદનો એમનો ખયાલ હતો. હિંસા અનિવાર્ય લાગે તો અને ત્યારે થાય એ જુદી વાત છે, પણ આમ આંદોલન (માસ મુવમેન્ટ)નો રસ્તો દુરસ્ત છે.

રાષ્ટ્રીય સ્વાતંત્ર્ય ચળવળના અચ્છા વ્યાખ્યાકાર તરીકે ઉભરેલા માર્ક્સવાદી ઇતિહાસકાર બિપનચંદ્રનું કહેવું છે કે ભગતસિંહને વધુ વરસો મળ્યાં હોત તો એ એક અર્થમાં ગાંધીવાદી હોત. માર્ક્સીય વિચારમાંથી હટ્યા વગર એમણે ગાંધીની શાંતિમય પદ્ધતિએ લોકઆંદોલનના અભિગમને અગ્રતા આપી હોત. બિપનચંદ્ર નેશનલ બુક ટ્રસ્ટના ચેરમેન હતા ત્યારે આખરવરસોમાં ભગતસિંહની નવી જીવની પર કામ કરતાં એમણે આ નુક્તેચીની કરી હતી.

૧૮૫૭ના એક અંતરાલ પછી નવજાગૃતિનો એક મુકામ બંગાળના બૉંબયુગ અને વંદેમાતરમ્‌ના યુદ્ધઘોષ સાથે શરૂ થયો. એ પર્વે, આગળ ચાલતાં 'ઇન્કિલાબ ઝિંદાબાદ'ની ન્યાય-અને-સમતા-લક્ષી પરિવર્તન (ક્રાંતિ)ની તવારીખી રેખાઓ ઉપસાવી અને ઘૂંટીઃ ભગતસિંહ નામની વીરઘટનાને આ રીતે જોવા સમજવાપણું છે.

ક્રાંતિની ભગતસિંહની વ્યાખ્યા અને સમજ કઈ રીતની હશે એનો એક અંદાજ એમણે ચળવળ દરમિયાન યુવાનોના બે ચહેતા નેતાઓ, જવાહર અને સુભાષની જે સરખામણી કરી છે એના પરથી આવે છે. એમણે કહ્યું છે કે સુભાષની વીરતા કે જવાહરની હિંમત બેઉ મને આકર્ષે છે. બંનેનો આદર્શવાદ પણ મને આકર્ષે છે. પણ બેમાંથી એક પસંદ કરવાના હોય તો હું જવાહરને કરું; કેમકે સુભાષમાં ભાવનાનો રાગાવેશી ઉદ્રેક ખાસો છે, પણ જવાહરમાં આર્થિક-સામાજિક ન્યાય માટેની વિચારાધારકીય સજ્જતા વિશેષ છે. (જવાહરનો ઉલ્લેખ નીકળ્યો જ છે તો લગરીક ફંટાઈને એ પણ નોંધુ કે પોતે ભગતસિંહને જેલમાં મળવા ગયા ત્યારે છતે કષ્ટસહને એમના ચહેરા પર જોયેલી કાન્તિનો એમણે આત્મકથામાં વિશેષોલ્લેખ કર્યો છે.)

૧૨મી માર્ચના દાંડીદિનની ઇતિહાસ-ફલશ્રુતિ શું એમ કોઈ પૂછે તો એ ત્રણ ચાર વરસના ગાળાને સાથે મૂકીને એક જવાબ જરૂર જડે છે. અને તે એ કે ૧૯૪૬થી ૧૯૪૯ની ખાસાં ત્રણેક વરસની બંધારણ સભાની ચર્ચાઓ પછી ૧૯૫૦ના જાન્યુઆરીની ૨૬મીથી જે પ્રજાસત્તાક બંધારણ અમલી બન્યું એની માર્ગદર્શક અને પક્વ એવી રેખાઓનું અંકન આ ગાળાની મહદ્ લબ્ધિ છે.

દાંડીકૂચે મીઠા સરખો મુદ્દો લઈ આમ આંદમીને કેન્દ્રમાં આણ્યો. મીઠાની પાછળ જે રોજિંદા સુખદુઃખના વાસ્તવિક સવાલો પડ્યા હતા એનું એક ચિત્ર ભગતસિંહની રજૂઆતમાં ઊઘડ્યું તો બીજું ચિત્ર ગાંધી-આંબેડકરના પુના કરારમાં ઊઘડ્યું. ભારતના સામાન્ય માણસનું આપોપું

કેવળ વર્ગીય બોજ તળે જ ચંપાતું નથી, એ વર્ણબોજ તળે પણ ચંપાય છે. પરચક્ર જશે. સંસ્થાનવાદ જશે. પણ એટલા માત્રથી તો વાત પતતી નથી. સ્વરાજ ખરું જોતાં નિરંતર ચાલતી પ્રક્રિયા છે.

હમણાં જે ચારપાંચ વરસના ગાળાની જિકર કરી એ ૧૯૨૯માં લાહોરમાં પૂર્ણસ્વરાજના ઠરાવ સાથે શરૂ થઈ દાંડીકૂચ રૂપે આગળ વધી ભગતસિંહની શહાદતથી પ્લાવિત માહોલમાં, પુના કરાર સાથે તેમ કરાચી કૉંગ્રેસમાં વલ્લભભાઈના અધ્યક્ષપદે મૂળભૂત અધિકારના ઠરાવ સાથે કેમ જાણે એક વર્તુળ આલેખવા લાગે છે જે ૧૯૫૦ના જાન્યુઆરીની ૨૬મીએ પૂરું થાય છે.

અલબત્ત, સ્વરાજ એ પૂરી થતી પ્રક્રિયા હોઈ જ ન શકે. ૨૬ જાન્યુઆરી ૧૯૫૦ એક નવપ્રસ્થાનનું બિંદુ છે જ્યાંથી આંબેડકરે કહ્યા પ્રમાણે રાજકીય સમાનતા અને સામાજિક (વર્ણગત) વિષમતા એવી વિસંવાદે ભરેલી ને ભારેલી પરિસ્થિતિમાં કામ પાડવું રહે છે. ઈવેન્ટાના અંદાજમાં હંમેશ પુરબહારમાં ખીલતું નેતૃત્વ સ્વરાજ પંચોતેરાંની રટણા ને રમણામાં ઝાઝેરો જનાધાર બલકે વૈધવત્ સ્વીકૃતિ (લેજિટિમસી) શોધે છે, પણ સમગ્ર ચિત્રસૂઝ છે એની કને? થોભો અને રાહ જુઓ.

## ભગતસિંહની ઉક્તિ / બારીન મહેતા

જેલની આ કોટડીમાં
પથરાયો છે અંધકાર
ને ભીતરમાં ઉભરાય છે
તેજ.

હું સ્પષ્ટ છું
મેં જે કર્યું એ વિશે
હું સ્વસ્થ છું
આવતી કાલે વહેલી સવારે
આવનારા અંતિમ પરિણામ વિશે.

આંખોમાં સ્વાતંત્ર્યનું સ્વપ્ન
ને હૈયામાં એની ધખના લઈ
ઘરમાંથી ચોકમાં
ને ચોકમાંથી લોકમાં
પ્રવેશતો ગયો ત્યારથી
જાણતો હતો
આગ છુપાવી નથી શકાતી
ડાયસન ઉપર ગોળી રૂપે છોડવી જ પડે
આગ દાબી નથી શકાતી
ભરી સંસદમાં
દુશ્મનો વચ્ચે
-ઈંક્લાબ ઝિંદાબાદ- ના ફરફરિયા રૂપે
વરસાવવી જ પડે.
આમ જ ક્રિયાની નિશ્ચિતતા
હોવાની નિશ્ચિતતા બને છે.

યાદ છે મને
મારા ગામનું ભૂખ્યું પેટ,
ત્યાંની ધરતીનો વલવલાટ
-ગુલામીની ઓળખનો પર્યાય!
તે દિવસે મારી છાતીમાં
ભૂગાળનો અનર્થ ફાટ્યો,
ગાડાને ચીલે ચીલે
બોરડીના બોર તોડતો હું
એકાએક
ઘેરાઈ ગયેલો ધૂંધળી હવાથી.
પછી તો
જોવાના અર્થો ઊઘડતા ગયા
ને ગુલામ ધરતી પર ચાલતો હું
મુઠ્ઠી ભીડી ઘા કરી બેઠો
હવાને તો શું વાગે !
મારું એકાન્ત શરમાઈ ગયેલું, રાજદેવ !
માણસની ચામડીનું સત્ય
ઊતરડી નથી શકાતું,
જે ક્ષણે સમજાયું મને આ
એ જ ક્ષણે
એ સત્યને રૂંધતી દીવાલો
ઘેરી વળી મને,
મારે એ તોડવી પડી;
અત્યારે આ ક્ષણે,
મૃત્યુ પહેલાની આ રાતે પણ
એ જ પ્રક્રિયા-

ના, દીવાલો તોડ્યા વિના મુક્ત ના થવાય!
મુક્તિ માત્ર ગાવાની ચીજ નથી,
મુક્તિ એ તો લાહીનું બીજ છે.
લોહીમાં ઉથલપાથલ થાય,
લોહીની ઉથલપાથલ થાય,
ત્યારે જ મુક્તિ કળાય
રાજદેવ !

એક અવાજ હોય છે ધરતીને
જે ખેડે છે ધરતી

તે જ જાણે છે એ અવાજ.
-એ અવાજ
જ્યારે ઊતરે કોઈ માણસની છાતીમાં
ત્યારે જ એ બનતો હોય છે ક્રાંતિકારી.
એટલે જ એને દ્રોહી ગણે છે સત્તા!
સત્તાને સંબંધ નથી ધરતી સાથે
એના આવા નક્કર પુરાવાઓ
આ રીતે જ મુકાય છે લોક અદાલતમાં

સત્તાનું છોગું હોય એ અદાલત
લોકોને આપે જ નહીં ન્યાય.
એટલે જ ન્યાયાધીશે કહી દીધુઃ ફાંસી
હા, ફાંસી !
ગળામાં ગાળિયાનો કરકરો સ્પર્શ
ને ‘હેન્ગ હીમ ટીલ ડેથ !’
-મરી જાય ત્યાં સુધી લટકાવો!
અને અમર મૃત્યુ !


પણ આવા મૃત્યુના અનેક અરથો હોય છે.
એ જ
એ જ
આપણી ઉપલબ્ધિ છે, રાજદેવ !

જો,
આ બારી વાટે
સળિયા વીંધીને
આવ્યાં ચન્દ્રકિરણો
આમ જ આપણાં મૃત્યુ
પ્રવેશવાનાં લોકોમાં
ને પછી-

એ ન જોયું તો ય શું ?
એક ક્રાંતિકારી જિંદગીમાં માણસ
કેટલું જોઈ શકે ?
તણખો, તણખો છે,
ઘાસની ગંજીમાં પડે
તો જ આગ ભભૂકે.
ને આગ ભભૂકે
એ જ તણખાનું કર્તવ્ય !

દોસ્ત,
એ કર્તવ્યનો ઉરતોષ
આ મહારાત્રિએ ધબકવા દે
આપણાં હૈયાંમાં
ને વહેવા દે જીવનનો અંતિમ સંચાર
જેલની આ કોટડીમાં
જેથી ભીંતો ય બોલી ઊઠેઃ
ઈન્કિલાબ ઝિન્દાબાદ !
ઈન્કિલાબ ઝિન્દાબાદ !!

## ઓપિનિયન ઉત્સવની તારીખો




vipoolkalyani.opinion@btinternet.com

## બહાર-માંહ્ય / ઉમેશ સોલંકી

ડરી ગયો શશી પછી સરી ગયો સ્વદાગમાં
બધાય તારલા વળી ઠરી મર્યા ગુમાનમાં
અતાગ રાત છે અઠંગ શ્યામ રંગની બધે
ભળે કશુંય તુર્ત ત્યાં જ શ્યામ રંગનું ઠરે
મળે ન વૃક્ષ વૃક્ષનો અભાવ ના મળે હવે
મળે સુગંધ ફૂલનો પ્રભાવ ના મળે હવે
અવાજ અંધકાર છે અવાચ અંધકાર છે
અભાન તો અભાન આજ ભાન અંધકાર છે
દયા હયા લગાવ ઘાવ જીવ અંધકાર છે
નખે ઠરેલ હિંસ્ર શ્યામ વર્ણનો પ્રકાર છે
પ્રકાર અંધકારનો અઘોર અંધકાર છે
ડરામણી ક્ષણો અપાર કૈંક સૂક્ષ્મપાર છે

કશું ન દૂર ભાસતું કશી ન ભ્રાંતિ લાગતી
બહાર-માંહ્ય એક રીત આંખ શાંતિ પામતી

# સાગર સરહદી / નિલય ભાવસાર

બોલિવૂડના પ્રખ્યાત લેખક સાગર સરહદીનું તારીખ ૨૨ માર્ચ ૨૦૨૧એ મુંબઈમાં નિધન થયું. તેઓ ૮૮ વર્ષના હતા. સાગર સરહદીને હાર્ટ પ્રોબ્લેમના કારણે મુંબઈની એક હોસ્પિટલમાં આઈસીયુ વોર્ડમાં દાખલ કરવામાં આવ્યા હતા. અમિતાભ બચ્ચનની હિટ રોમેન્ટિક ફિલ્મ 'કભી કભી' અને 'સિલસિલા', શાહરૂખ ખાનની 'દીવાના', ઋષિ કપૂરની 'ચાંદની' અને રિતિક રોશનની સુપરહિટ રોમેન્ટિક ફિલ્મ 'કહો ના...પ્યાર હે'ના લેખક સાગર સરહદીને કદાચ બહુ ઓછા લોકો જાણતા હશે. ફિલ્મમેકર યશ ચોપરાની મહત્વની રોમેન્ટિક ફિલ્મો 'કભી કભી', 'સિલસિલા' અને 'ચાંદની', સાગર સરહદી લખી ચૂક્યા છે. આ સિવાય તેમણે ફિલ્મમેકર રાકેશ રોશનની કેટલીક ફિલ્મોના સંવાદ પણ લખ્યા છે. સાગર સરહદીએ બોલિવૂડમાં ઓછું પણ યાદગાર લેખનકાર્ય કર્યું છે, તેમણે નસીરુદ્દીન શાહ અને સ્મિતા પાટિલને લઈને 'બાઝાર' (૧૯૮૨) નામની ફિલ્મ બનાવી હતી કે જે હિટ રહી હતી અને વિવેચકોએ પણ તેની પ્રશંસા કરી હતી.

વર્ષ ૧૯૪૭માં ભારત-પાકિસ્તાનના વિભાજન બાદ પાકિસ્તાનના એક નાનકડા ગામમાંથી દિલ્હીમાં આવીને રેફ્યુજી (શરણાર્થી) તરીકે વસેલા લેખક સાગર સરહદીને આજે પણ તે વાત સતાવે છે કે 'એવી કઈ તાકાત છે જે તમને તમારું ગામ છોડવા માટે મજબૂર કરે છે અને માનવીમાંથી રેફ્યુજી બનાવે છે, હું આજ સુધી તે ભૂલ્યો નથી'. પાકિસ્તાનના જે ગામમાં સાગર સરહદીનું બાળપણ પસાર થયું હતું તેનાથી પ્રેરાઈને તેમણે ફારૂક શેખ સ્ટારર 'નૂરી' નામની રોમેન્ટિક ફિલ્મ લખી હતી કે જેનું બેકગ્રાઉન્ડ કાશ્મીર રાખવામાં આવ્યું હતું.

ગંગા સાગર તલવારના નામે તારીખ ૧૧ મે, ૧૯૩૩ના રોજ પાકિસ્તાનના એબોટાબાદના એક નાનકડા ગામમાં સાગર સરહદીનો જન્મ થયો, ભારત-પાકિસ્તાનના વિભાજન બાદ તેમનો સંપૂર્ણ પરિવાર દિલ્હી આવી ગયો અને રેફ્યુજી (શરણાર્થી) કેમ્પમાં આશરો લીધો. સાગર સરહદીએ દિલ્હીમાં મેટ્રિકનો અભ્યાસ શરૂ કર્યો કે જ્યાં તેમની મુલાકાત ગુલઝાર સાથે થઈ. દિલ્હીની ખાલસા કોલેજમાં ગુલઝાર, સાગર સરહદીના સિનિયર હતા અને તેમણે જોયું કે ગુલઝારનું ઉર્દુ ભાષા પર ભારે પ્રભુત્વ છે અને મિર્ઝા ગાલિબ સહિતના મહાન ઉર્દુ કવિઓની રચના તેઓ ફટાફટ બોલી જાય છે. ગુલઝારના સાહિત્યિક જ્ઞાનથી સાગર સરહદી ભારે પ્રભાવિત થયા અને કોલેજમાં તેમણે ઉર્દુ સાહિત્ય વાંચવાનું શરૂ કર્યું. સાગર સરહદી આજે પણ તેમનું લેખનકાર્ય ઉર્દુ ભાષામાં જ કરે છે. ઉર્દુ સિવાય અંગ્રેજી ભાષા પર પણ સાગર સરહદીએ પ્રભુત્વ મેળવ્યું કે જેથી તેઓ વધુને વધુ વિશ્વ સાહિત્ય વાંચી શકે. કોલેજકાળમાં જ તેમણે નાટકો અને ટૂંકી વાર્તા લખવાનું શરૂ કર્યું હતું. આ દરમિયાન તેઓ દિવસના ૧૪થી ૧૬ કલાક વાંચન કરતા હતા કે જેથી તેમનું લેખનકાર્ય વધારે સારું થઈ શકે. ગ્રેજ્યુએશનનો અભ્યાસ કરવા અને કમાણી માટે સાગર સરહદી મુંબઈ આવ્યા. અહીં તેમણે અભ્યાસની સાથે-સાથે પાર્ટ ટાઈમ ભણાવવાનું શરૂ કર્યું કે જેથી આર્થિક ટેકો રહે.

સાગર સરહદીના જીવનમાં વળાંક ત્યારે આવ્યો કે જ્યારે તેઓ મુંબઈ સ્થિત 'પ્રોગ્રેસિવ રાઈટર્સ એસોસિએશન' (Progressive Writer's Association)માં જોડાયા, અહીં તેમની મુલાકાત સિનેમા અને સાહિત્યની દુનિયા સાથે જોડાયેલા કૈફી આઝમી, ઈસ્મત ચુગતાઈ, રાજિન્દર સિંઘ બેદી, ખ્વાજા અહમદ અબ્બાસ અને સરદાર જાફરી વગેરે સાથે થઈ. અહીંથી તેઓ ડાબેરી વિચારધારા તરફ પ્રેરિત થયા અને તેમના લેખનકાર્યમાં સામાજિક પ્રશ્નોને સ્થાન મળ્યું. લેખનકાર્યમાં કુશળતા પ્રાપ્ત કરી એટલે સાગર સરહદીને એક બ્રિટિશ એડવર્ટાઈઝિંગ કંપનીમાં અનુવાદક તરીકેની નોકરી મળી ગઈ, અહીં તેઓ અંગ્રેજી જાહેરખબરોનો ઉર્દુ ભાષામાં અનુવાદ કરતા હતા. બે વર્ષમાં તેમણે આ નોકરી છોડી દીધી કારણકે નોકરીની સાથે-સાથે સાગર સરહદીને લખવા-વાંચવાનો પૂરતો સમય મળતો નહોતો. એક લેખક તરીકેનો તેમનો સંઘર્ષ ચાલુ જ હતો ત્યાં બાસુ ભટ્ટાચાર્યની સંજીવ કુમાર સ્ટારર ફિલ્મ 'અનુભવ' (૧૯૭૧)ના સંવાદ લખવાનું કામ મળ્યું. સાગર સરહદીનું નસીબ ત્યારે પલટાયું કે જ્યારે બોલિવૂડના જાણીતા ફિલ્મમેકર યશ ચોપરા તેમનું 'મિર્ઝા સાહેબાં' નામનું નાટક જોવા આવ્યા. આ નાટકથી અભિભૂત થઈને યશ ચોપરાએ સાગર સરહદીને ફિલ્મ લખવાની ઓફર કરી, સાગર સરહદીએ વર્ષ ૧૯૭૬માં આવેલી સુપરહિટ રોમેન્ટિક ફિલ્મ 'કભી કભી' લખી. 'કભી કભી'ની સફળતા બાદ સાગર સરહદી પાસે ફિલ્મ લખવા માટેની અનેક ઓફર આવી પણ તેમણે તે નકારતા કહ્યું કે મારે માત્ર પૈસા માટે ફિલ્મો નથી લખવી, હું લેખન અને વાંચન માટે વધુ સમય આપવા માગું છું. સારી રીતે જીવનનિર્વાહ થાય તેટલા પૈસા મારા માટે પૂરતા છે. યશ ચોપરાની અન્ય રોમેન્ટિક ફિલ્મો 'નૂરી' (૧૯૭૯), 'સિલસિલા' (૧૯૮૧), 'ચાંદની' (૧૯૮૯) પણ સાગર સરહદીએ લખી. યશ ચોપરા સાથે કામ કરવાના અનુભવ વિશે વાત કરતા સાગર સરહદી એક ઈન્ટરવ્યૂમાં જણાવે છે કે તેમણે આજ સુધી મારા લખેલા સ્ક્રીનપ્લે અને સંવાદોમાં કોઈ ફેરફાર કર્યા નથી અને લેખનકાર્યમાં સંપૂર્ણ સ્વતંત્રતા આપી છે.

સાગર સરહદીએ તેમના કરિયરમાં એકમાત્ર 'બાઝાર' નામની ફિલ્મ ડિરેક્ટ કરી કે જેની વાર્તા તેઓને ન્યૂઝપેપરની સ્ટોરીમાંથી મળી આવી હતી. હૈદરાબાદમાં પૈસા માટે દીકરીઓના લગ્ન અરબના દેશોમાં કરવામાં આવે છે તે વાર્તા આધારિત ફિલ્મ 'બાઝાર' બોક્સ ઓફિસ પર હિટ રહી અને વિવેચકોએ પણ તેની પ્રશંસા કરી. 'બાઝાર' ફિલ્મમાં ગરીબ પરિવારની યુવતીના લગ્નની વાર્તા છે, કારણકે સાગર સરહદી ડાબેરી વિચારોથી પ્રેરિત હતા માટે તેમણે આ પ્રકારે સામાજિક મુદ્દો રજૂ કરતો વિષય પસંદ કર્યો. 'બાઝાર' ફિલ્મ ભારત સહિત પાકિસ્તાનમાં પણ હિટ રહી હતી. ફારૂક શેખ, સ્મિતા પાટીલ અને નસીરુદ્દીન શાહ સ્ટારર આ ફિલ્મનું સંગીત ખય્યામે આપ્યું હતું. 'બાઝાર'ની સફળતા બાદ સાગર સરહદીએ તેમના ભત્રીજા વિજય તલવારની ફિલ્મ 'લોરી' પ્રોડ્યુસ કરી. ફારુક શેખ અને શબાના આઝમી સ્ટારર 'લોરી' ફિલ્મના સહ-લેખક સાગર સરહદી હતી, પણ આ ફિલ્મ બોક્સ ઓફિસ પર ખાસ કમાલ દેખાડી શકી નહીં. એક એવો સમય આવ્યો કે જ્યારે સાગર સરહદીને આર્થિક તંગીનો સામનો કરવો પડી રહ્યો હતો ત્યારે તેમણે શાહરૂખ ખાન સ્ટારર 'દીવાના' (૧૯૯૨) લખી, આ ફિલ્મ સુપરહિટ રહી. આ ફિલ્મથી શાહરૂખ ખાનને પણ બોલિવૂડમાં મોટો બ્રેક મળ્યો હતો. રિતિક રોશનની પહેલી ફિલ્મ 'કહો ના...પ્યાર હે'ના સંવાદ પણ સાગર સરહદીએ લખ્યા હતા. વર્ષ ૨૦૦૪માં નવાઝુદ્દીન સિદ્દિકીને લઈને સાગર સરહદીએ 'ચૌસર' નામની ફિલ્મ બનાવી હતી પણ આજ સુધી આ ફિલ્મને કોઈ ડિસ્ટ્રિબ્યુટર નહીં મળવાના કારણે તે રિલીઝ થઈ શકી નથી.

આ ઉંમરે પણ સાગર સરહદી દિવસના ઓછામાં ઓછા ૫ કલાક

વાંચન કરતા હતા, તેમના ઘરમાં સામાન કરતા પુસ્તકોની સંખ્યા વધારે હતી. મનોવિજ્ઞાન અને તત્વજ્ઞાનના વિષયમાં ઊંડો રસ ધરાવતા સાગર સરહદીએ એક ઈન્ટરવ્યુમાં જણાવ્યું હતું કે લેખનકાર્યમાં પાત્રોની ગૂંથણી માટે મનોવિજ્ઞાન અને તત્વજ્ઞાનમાં રસ હોવો જરૂરી છે. હું દેશ-વિદેશનું ક્લાસિક સાહિત્ય પુષ્કળ પ્રમાણમાં વાંચું છું. પણ, હું આજકાલ જોઉં છું કે આજની પેઢી વધારે વાંચતી નથી અને મોબાઈલમાં વધારે વ્યસ્ત રહે છે. ખાસ કરીને લેખનકાર્યમાં અને જીવનને જાણવા-સમજવા માટે વાંચન ખૂબ જરૂરી છે. સાગર સરહદી અપરિણીત હતા અને તે પાછળનું કારણ જણાવતા કહે છે કે 'હું જ્યારે યુવાન હતો ત્યારે મારી પાસે પૂરતા પૈસા નહોતા, જવાબદારી સ્વીકારવાની મારી તૈયારી નહોતી. જ્યારે લગ્ન એ એક મોટી જવાબદારી છે માટે મેં આજ સુધી લગ્ન કર્યા નથી. મારા જીવનમાં ઘણી સ્ત્રીઓ આવી અને મેં ભરપૂર રોમાન્સ પણ કર્યો, આ કારણે જ હું સફળ રોમેન્ટિક ફિલ્મો લખી શક્યો છું. આજે હું એકલો છું અને મારો મોટાભાગનો સમય વાંચનમાં અને મિત્રોને મળવામાં પસાર થાય છે.'

*આજ અને આવતીકાલ માટે સર્વથા પ્રસ્તુત મહાત્મા ગાંધીના જીવન, કાર્ય અને દર્શનનું અનુશીલન - પરિશીલન તેમજ અવગાહન કરતું માસિક*

**'અકાલ પુરુષ'**

પ્રબુદ્ધ ચિંતકો, અભ્યાસીઓ, અનુભવીઓ, કર્મશીલોની કલમે

નમૂનાની નકલ મેળવવા માટે અને લવાજમ માટે:

સુશીલ ટ્રસ્ટ, કતીરા - ઈ, તોરલગાર્ડન પછી, મુન્દ્રા રિલોકેશન, ભુજ (કચ્છ) ૩૭૦૦૦૧

લવાજમ - વાર્ષિક રૂ. ૨૦૦ પંચવાર્ષિક રૂ. ૧૦૦૦

લવાજમની રકમ ટ્રસ્ટના ખાતામાં સીધી જમા કરાવી શકો અથવા સુશીલ ટ્રસ્ટ (Sushil Trust) ના નામે ચેક મોકલી શકો. ખાતા નં.: 9048100000060, બેન્ક ઓફ બરોડા, નીલપર (Bank of Baroda, Nipar), IFSC no. BARB0DBNIL, PAN no. AAATS9922R. રકમ સીધી જમા કરાવ્યાની જાણ કરવી અને તેની સ્લીપ મોકલવી. કુરિયર, રજિસ્ટર્ડ, ટપાલ વગેરે ઉપરના ભુજના સરનામે જ મોકલવાં 'અકાલ પુરુષ' સંબંધી પૃચ્છા 02832-230143 પર કરવી. વોટ્સએપ નં.: 9408723930 (બેન્ક રસીદ કે બેન્ક વિગત મોકલવા માટે E-mail ID : shashwatgandhi1869@gmial.com

## ગ્રાહકોને

- આપનું રેપર જોશો તો લવાજમ ક્યારે પૂરું થાય છે એ જોઈ રિમાન્ડરની રાહ જોયા વગર રિન્યુઅલ કરી શકશો.
- વાર્ષિક લવાજમ રૂ. ૨૦૦ : 'નિરીક્ષક પ્રકાશનને નામે **C/o.** શાર્દૂલ પ્રિન્ટિંગ પ્રેસ, બેઝમેન્ટ, રંભા કોમ્પ્લેક્સ, ગૂજરાત વિદ્યાપીઠની સામે, આશ્રમ માર્ગ, અમદાવાદ-૩૮૦૦૧૪ ના સરનામે ડ્રાફ્ટ, ચેક, એમ.ઓ.થી અગર રૂબરૂ ભરી શકાશે.
- બૅંકમાં ડાઈરેક્ટ પેમેન્ટ માટે નિરીક્ષક પ્રકાશન, ખાતા નં. **10111977055**, એસબીઆઈ, ઝેવિયર્સ હાઇસ્કૂલ રોડ, ૧, અક્ષર આર્કેડ, મેમનગર ફાયર સ્ટેશન સામે, નવરંગપુરા, અમદાવાદ-૩૮૦૦૧૪ **SBIN0003092** : ભર્યા પછી ઇ-મેલ (prakash.nireekshak@gmail.com) અગર વૉટ્સ અપ/ એસએમએસ (૦૯૮૭૯૯૧૯૪૨૧)થી સરનામા સહિતની વિગતે ખબર આપો.

## સ્વાગત

**અહિંસક ક્રાંતિકારી ગાંધી અને વિનોબા :** ડૉ. ચત્રભુજ બી. રાજપરા, પ્રવીણ પ્રકાશન પ્રા.લિ., લાભ ચેમ્બર્સ, ઢેબરરોડ, રાજકોટ કિં. રૂ. ૪૫૦

ગાંધી વિનોબાની અહિંસાને સમજવાના સંનિષ્ઠ પ્રયાસ રૂપે ડૉ. ઉષા મહેતા અને ડૉ. રમણ મોદીના માર્ગદર્શનમાં લખાયેલ આ મહાનિબંધનું પ્રકાશન આવકાર્ય છે. એક સરસ વાત એ બની આવી છે કે ચાલુ અર્થમાં સાધુમહાત્મામાં ખપી જતા કે પછી ઝાડુચશ્માં સમેટાઈ જતા સેનેટાઈઝ્ડ ગાંધીને બદલે લેખકે બંને વિભૂતિઓને 'ક્રાંતિ' સંદર્ભે રજૂ કરવાની કોશિશ કરી છે. સમગ્ર મહાનિબંધમાંથી ભૂમિપુત્ર-ખ્યાત ક્રાન્તિ શાહ પસાર થયા અને એમણે જે સૂચનો કર્યાં. તે લેખકે પ્રકાશનપૂર્વે યથાસંભવ ધ્યાનમાં લીધાં છે એ બીના મૂલ્યવર્ધક લેખાશે.

**પ્રવીણ પ્રકાશને આ પુસ્તક અર્ધી કિંમતે આપવાનું ઠરાવ્યું છે તે સ્વાગતાર્હ છે.**

સંપર્ક : મો. ૯૨૬૫૦૪૪૨૬૨, pravinprakashan@yahoo.com



## દસ રવિવાર હવે 'દર્શક'ને નામ!

મનુભાઈ પંચોળી 'દર્શક' ગુજરાતી સાહિત્યનું ઉજળું નામ, નવલકથાકાર, નાટ્યકાર, ઇતિહાસકાર, કેળવણીકાર અને ગાંધીવાદી સમાજ સેવક તરીકે દર્શકનું સર્જન દરેક પેઢી માટે અમૂલ્ય ભેટ છે. 'દર્શક'નાં અમૂલ્ય કહી શકાય તેવાં નવ પુસ્તકો નવાં રૂપરંગ સાથે નવજીવન ટ્રસ્ટે પ્રગટ કર્યા છે.

નવજીવન ટ્રસ્ટ ઉજવી રહ્યું છે 'દર્શકોત્સવ'. જેમાં ગુજરાતી ભાષાના જાણીતા સાહિત્યકારો, નાટ્યકારો અને પ્રાધ્યાપકો વાત કરશે દર્શકનાં નવ પુસ્તકો વિશે. આ નવ પુસ્તકોનો ભાવકને વિગતે પરિચય થાય અને ઉત્તમ ભાવકો સુધી ઉત્તમ સાહિત્ય પહોંચે એ 'દર્શકોત્સવ'નો મૂળ આશય છે.

તા. ૨૮-૦૩-૨૦૨૧થી હવે દર રવિવારે આપ નવજીવન ટ્રસ્ટની યુ ટ્યુબ ચેનલ 'Navjivan Trust' પર દર્શકોત્સવના નવા નવા લેક્ચર માણી શકશો.

દર્શકોત્સવમાં દર્શકના જુદાં જુદાં નવ પુસ્તકો વિશે વાત કરશે રઘુવીર ચૌધરી, પ્રકાશ ન. શાહ, રમેશ ર. દવે, કિરીટ દૂધાત, ઉષા ઉપાધ્યાય, મહેન્દ્રસિંહ પરમાર, સુભાષ ભટ્ટ, દ્રષ્ટિ પટેલ, શક્તિસિંહ પરમાર અને વિશાલ ભાદાણી. આ દરેક સર્જક, વિવેચક અને અભ્યાસુ પોતાના અનુભવની એરણે બેસીને ભાવક તરીકે નવજીવન ટ્રસ્ટે પ્રકાશિત કરેલાં 'દર્શક'ના નવ પુસ્તકોની વાત કરશે... દસ રવિવાર દર્શકને નામ !

મનુભાઈ પંચોળી 'દર્શક' લિખિત અને નવજીવન ટ્રસ્ટ પ્રકાશિત નવ પુસ્તકોનો સેટ અથવા સ્વતંત્ર પુસ્તક આપ નવજીવન ટ્રસ્ટની વેબસાઈટ પરથી પ્રાપ્ત કરી શકો છો. આપ નવજીવન ટ્રસ્ટના પ્રકાશન વિભાગમાં કોલ કરીને પણ આ પુસ્તકો મંગાવી શકો છો.

મોબાઈલ : ૯૯૭૪૪૬૫૨૨૨, ફોન : ૦૭૯-૨૭૫૪૦૬૩૫

Reg.under RNI NO. GUJGUJ/2009/29656, Registered under Postal Registration No. GAMC-777/2021-2023 valid upto 31st December-2023 issued by the SSPO's Amdavad City Division, Permitted to Post at Amdavad PSO on 1st & 16th of every MonthPublish on 1st & 16th of every Month..

## તિર્યંકી

# આજની તારીખે

હિમાંશી શેલત

(પ્રાતઃકાળે વર્તમાનપત્રમાં એક સત્તાધારી મહામાનવની પચ્ચીસ નાની, અને બે મોટી (આખાં પાનાંની) છબિજો જોતાં જોતાં...)

કોણ છે આ નવયુગનો મશાલચી? કે સ્વયં મહાનલ ? એ નજરના પ્રતાપથી માર્ચનો સૂર્ય પણ મંદપ્રાણ, એના સ્મિતથી ભક્તજનો ભાવવિભોર અને ભોંયસરસા. ધન્ય છે એ નગરને, જ્યાં આ ભવ્ય વિભૂતિ પેદા થઈ ! ધન્ય છે એ દિવસને, જેની એક ક્ષણે આ પુણ્યાત્માએ નગરને પાવન કરવા જન્મ લીધો!

ધન્ય છે એ તમામ આંખોને, જેણે આ નરોત્તમની છબિઓ પ્રાતઃકાળે નીરખી, અને સાક્ષાત પ્રભુ દીઠાનો રોમાંચ પામી !

આજે આરંભાયું એક નવીન પ્રકરણ, નવલી વિકાસ યાત્રાનું... સુખમય ભાવિનું...

આજે આરંભાયું એક નવીન ગીત, આરાધકો અને એમના આરાધ્યદેવનું... મંજુલ અને તાજગીસભર...

છબિ એક, પણ એને પ્રગટ કરનારાં અનેક. પ્રત્યેક છબિ નીચે ઉત્સાહભર્યાં પ્રશસ્તિવચનો.

આપ છો તો મોંઘવારી સહ્ય છે !

આપ છો તો ચૂલા સ્વયં પ્રજવલિત થાય છે!

આપ છો તો કોરોના સ્વયં માસ્ક અને ફેસશિલ્ડ પહેરી ઘૂમે છે! (મોં સંતાડે નહીં તો જાય ક્યાં બાપડો?) આપ છો તો અમારું જીવન સાર્થક છે, કારણકે અમે આપનાં ચરણ પખાળી શકીએ છીએ!

આપ ન હોત તો અમે કોનાં મૃદંગ વગાડત ?

આપ આ દિને ન જન્મ્યા હોત તો અમે જીવતાં હતાં મર્યા સમાન હોત ! પ્રશસ્તિ વિના જીભ હોત કાષ્ટટુકડો !

આપ જળહળ છો ! આપ ફળ ફળ છો ! આપ ખળભળ છો !

આપે ચૂંટણી સભાઓ ગજવી માસ્ક વિના,

આપે જનસમૂહ ભેગો કર્યો સૉશ્યલ ડિસ્ટન્સ વિના,

આપે હાર પહેર્યા થોકબંધ, હાથ જોડ્યા વણથંભ,

આપ વીર છો, સાહસમૂર્તિ છો, અભય અને અણનમ ! ખુશામત જેવા રાંકડા શબ્દને આપે બનાવ્યો શહેનશાહ, સહુ હવે એને સ્તુતિગાન કહે છે ! જય હો!

ધન્ય પ્રભુ ! ધન્ય ! આપના પુણ્યે વાહનો પાણી થકી ચાલે !

આ પ્રદેશે હવે કોઈ દુઃખ નથી, કોઈ પ્રશ્ન નથી,

પ્રજા નિત્ય ઉત્સવમાં રમમાણ છે, આનંદઘેલી !

કામકાજ કરવાનાં નથી, (આમેય છે જ ક્યાં?) ધનધાન્યની રેલમછેલ છે, (બેય હાથે ખાવ!)

મન બહેલાવવા ક્રિકેટ ખેલ છે,

ટીકાકારો હાથનો મેલ છે !

આપ સદૈવ યાત્રાઓ યોજો,

ભક્તગણ તો ટોળે મળવાનાં જ છે,

આપને ભેટવા, સાથે સેલ્ફી લેવા, ચરણ સ્પર્શ કરવા, કૃપાદષ્ટિ યાચવા સહુ વ્યાકુળ છે, તરસ્યાં છે, આ વ્યાકુળતા પૂર્વે ગોપીઓમાં, કે ગોપબાળોમાં દીઠેલી. એ પછી સદીઓ વહી ગઈ...

ફરી એ જ વ્યાકુળતા દેખાય છે પાગલ ભક્તોમાં,

આપની એક નજર, અને ભિક્ષુકપાત્રમાં એક પદ ! આપની ઊંચકાયેલી ભમર, અને સામેવાળો થરથર !

આપને બારણે છે ભીડ, ભચડકચડ ભીડ,

જાણે ઊભા પાક પર ટોળાંબંધ તીડ !

શું કહીએ આપની બિરદાવલિમાં, શબ્દો ઘાસફુસ...

આપના સમયની આપની જમાતે તો

કંઈ કેટલાંને કીધાં હદપાર...

હવે મંદિર બંધાવવાની જ વાર, (આપનાં જ તો !)

એમાં જ દેવ સહુ નીકળી ગયા હશે બહાર ??

બચ્યાં હોય જો ચતુર, કરો કરો વિચાર...

**Publisher, Editor and Printer :** Prakash N. Shah on Behalf of Nireekshak Foundation. 'Prakash' Bunglow, Nr. Abhinandan Flats, B/h. Navarangpura Post Office, Navarangpura, Ahmedabad-380 009. Phone : 079-26562806 E-mail : prakash.nireekshak@gmail.com
**Printed at** Shardul Printing Press, B/6, Rambha Complex, Income Tax, Ashram Road, Ahmedabad-14. E-mail : shardulpress@gmail.com